કોહીનૂર.

પ્રકાશક.

મણીલાલ નાગરદાસ લવીંગીઆ.

॥ श्रीद्वारिकेशोजयति. ॥

કોહીનૂર.

સર્વ વૈષ્ણવ જનોને વાસ્તે.

દોહરો.

મળ મુત્રને અજ્ઞાનનો, નિશ્ચય કરવા નાશ;
ધર્મતણી વૃદ્ધિ થવા, કોહીનુર પ્રકાશ.

આલેખક તથા પ્રકાશક,

મણીલાલ નાગરદાસ લવીંગીઆ.

અમદાવાદ.

શ્રી "સુબોધકલામંદિર" લિમિટેડ—ખાડિઆ, અમદાવાદ.

વિક્રમાર્ક ૧૯૫૬. સને ૧૯૦૦.

प्रस्ताविक ॥

સર્વે પ્રેમી વૈષ્ણવજનોને વિનંતીપૂર્વક વિજ્ઞાપન કરૂં છું કે વિક્રમાર્ક ૧૯૫૫ના ચૈત્ર શુકલપક્ષ દ્વાદશીના દિવસે શ્રીકાંકરોલી નીવાસી શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ શ્રી ધંધુકામાં પધારેલા તે વખતે જે અદ્ભુત અલૌકીક લીલાઓ થઈ તે વિષેનું આ કોહીનૂર નામનું લઘુ પુસ્તક મેં મારી અલ્પ બુદ્ધિ અનુસાર સપ્રેમ ગદ્ય પદ્યમાં આલેખ્યું છે.

હાલના યુવકોમાં સંગીતનો પ્રેમ વૃદ્ધિંગત થતો જણાય છે તો અન્ય વ્યર્થ નાટયના સંગીતોનો આલાપ કરી કંઠને શુષ્ક કરવો તેના કરતાં આત્મોદ્ધાર થાય એવાં અને સંગીતકળાનાં પ્રેમની પૂર્ણીમા કરનારાં એવાં આ ધાર્મીક સંગીતોનો આલાપ કરી આ ક્ષણીક દેહનું સાફલ્ય થાય તેજ ઉદ્દેશથી આ પુસ્તક પ્રસીદ્ધ કરવામાં આવ્યું છે.

સ્વદેશમાં સંકષ્ટનું સાલ વૃદ્ધિ પામવાથી ધંધુકા નીવાસીઓને ભવાબ્ધીનો અદ્દશ્યભાવ દશ્ય થયો છે તેમાં હું પણ વિધિના સંસ્કારથી સપડાએલો ઉત્કંઠામાં ઉગેલો પણ કૃતાંતકાળે કરમાવેલો આ પુસ્તકના પ્રસિદ્ધ થવામાં વિલંબને માટે શોકાગ્રસ્ત છું પણ પ્રભુએ પ્રેમની પૂર્ણીમા કરી તેથી આનંદમાં ઉજ્વલ છું.

સાતમા પ્રકરણમાં કચેરીનું વર્ણન પૂર્ણ રીતે ન કરતાં તેના સંબંધમાં માત્ર બે ત્રણ સંગીતોજ મૂકી પૂર્ણ કર્યું છે તો તેનામાટે ક્ષમા ચાહું છું. હૃદયના અનુપમ સ્નેહને

લીધે, સ્વદેશના સાનુબંધનેમાટે, અને પ્રેમની પરિસીમા-ને કાજે શ્રી બાલકૃષ્ણ યોગાશ્રુ નામના પ્રકરણનું અનુસં-ધાન કરવામાં આવ્યું છે વળી:—

" નહીં કાવ્ય કંત, નહીં શિષ્ય શેવકો,
પ્રેમપાત્ર હું ચહું, શુદ્ધ ભક્તિનો. "

આવીજ સ્થીતિ આ લેખકની જાણી કૃપાપાત્રને કૃપાદાન કરશો એજ વાંચ્છના છે.

લી.

આજ્ઞાંકિત લવીંગીઆ.

પ્રકરણાવલી.

અર્પણપત્રીકા.

પ્રેમાંજલી.

* અભંગ વૃત.

શ્રી છે જેનું અંગ, ક્ષોભે જ્યાં અનંગ;
શ્યામ જેને સંગ, નેહે નમું. ૧
સુંદર સ્વરૂપ, આનંદ અનૂપ;
દયા કરો ભુપ, પ્રભુ તારી. ૨
રમ્યા છો રમેશ, ભમ્યા છો વ્રજેશ;
લાજ લોપી ઇશ, નેહે નમું. ૩
લક્ષ્યથી અલક્ષ્ય, ભક્ષ્યથી અભક્ષ્ય;
નીજ શીશુ પક્ષ, લીઓ નેહે. ૪
જગમાંહી જ્યોતિ, રતિ રૂપ ખોતિ;
યક્ષ આશ જોતિ, નેહે નમું. ૫
શાક્યા બહુ નામી, ગરૂડના ગામી;
ઓપે ભક્તિ જામી, શુદ્ધ સ્નેહે. ૬

---

* પદ્યની દરેક લીટીના પ્રથમાક્ષરથી શુદ્ધાભિધાનનું મરણ થશે.

કોહીનૂર.

મંગલાચરણ.

૧. (રાગ-ગીતિ.)

जगदघहरपदपद्मामितसुखसद्मा भयप्रदारं ।
वंदे वारंवारं विविध विहारं कृताश्रितोद्धारं ॥
श्रीमत्पुष्टि पथाब्ज प्रकाशहंसं कुवर्त्म विध्वंसं ॥
करुणामया शयंतं स्मितानना ब्जंनमामि बालहरिं ॥१॥

ટીકા.

જેના ચરણારવીંદ જગતના પાપને નાશ કરે છે, જે અનંત સુખના ભંડાર છે, સ્વભક્તને અભયપદ આપે છે, જેનો નાના પ્રકારનો વીહાર છે, આશ્રીત જનોનો ઉદ્ધાર કરવાવાલા, શ્રી પુષ્ટીમાર્ગરૂપી કમલને પ્રકાશ કરવામાં સૂર્યરૂપ, કુમાર્ગનો નાશ કરનારા, જેમનું અંતઃકરણ દયાયુક્ત છે અને જેમનું મુખારવીંદ હસતું છે એવા શ્રી બાલકૃષ્ણલાલજી માહારાજને હું નમસ્કાર કરૂંછું.

---

૨. (રાગ-શાર્દૂલવીક્રીડીત.)

श्रीमद्वैष्णव वंदितांघ्रि युगल स्वेष्ट प्रदेश प्रियं ।
भक्तोद्धार परायणं स्वजन सधर्मो पदेशोद्यतं ॥
निष्णातं निगमागमे सुनियतं गोम्सूरानुग्रहं ॥
सौंदर्येण भवारि दर्पदलनं श्री बालकृष्णं नमः ॥१॥

ટીકા.

જેના ચરણારવીંદને વૈષ્ણવ લોકો નમે છે, પોતાના

મનોરથને પરિપુર્ણ કરનાર, જેને શ્રી કૃષ્ણ પ્રીય છે, ભકતો-નો ઉદ્ધાર કરવાવાળા, ભગવદ્ ધર્મ ઉપદેશ કરવામાં તત્પર, સમગ્ર શાસ્ત્રોમાં પ્રવીણ, બ્રાહ્મણ ઉપર દયા રાખનાર, અને સૌંદર્યથી કામદેવના મદને હાણનાર એવા શ્રી બાલકૃષ્ણલાલજી માહારાજને હું નમુંછું.

---

૩. (પદ ધનાશ્રી.)

નોધારાના આધાર, ઓ પ્યારા દેવા ! નોધારાના આધાર.
વસુદેવને ઘેર જન્મ લેઇને, ઉતાર્યો ભુમીનો ભાર;
ઓ પ્યારા દેવા !
યસોદાના તમે પુત્ર કહેવાણા, કરોને મારી બ્હાર; ,,
આશી પુતના ધાવને મારી, માર્યો તમે કંસરાય; ,,
કૌરવકુળને નાંખ્યું સંહારી, ઉગાર્યા પાંડવરાય; ,,
પાંડવો ઉપર મેહેર કરીને, સતીની સાચવી લાજ; ,,
યમુના તીરે ગેંદેરે ખેલ્યા નાથ્યો તમે કાળી નાગ; ,,
દાણી થઇને દાણજ લીધાં, રમ્યા અધરામૃત રાસ; ,,
નૃસીંહ મેતાની હુંડી સ્વીકારી, દીધો વૈભવ અપાર; ,,
અનેક એવાં ચરીત્ર તમારાં, ગાઉં ગુણ હું આજ; ,,
કાવ્ય સંપુર્ણ કરવા કાજે, મતી દેજો સુખસાર; ,,

---

૪. (રાગ—વસંતતીલકા.)

वनविविदितमासिन्यत् चरित्रं विचित्र: ।
सह युवति स ... कैः किडतो नंद सुनो: ॥

तद्‌खिलमवलंव्य स्वादु सौंदर्य काव्यं ।
रचयितु मनसोमे सारदाऽस्तु प्रसन्ना ॥१॥

ટીકા.

હજારો સ્ત્રીઓસાથે ક્રીડા કરનાર, નંદપુત્ર શ્રીકૃષ્ણનું વિચીત્ર ચરિત્ર જગતમાં પ્રખ્યાત છે તે સર્વ ચરિત્રોનો આધાર લઇ આ સ્વાદિષ્ટ અને સુંદર કાવ્ય રચવાને ચાહનાર એવી સરસ્વતી દેવી મારાપર પ્રસન્ન થાઓ.

૫. ગરબો.

(રાગ–પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે.)

વંદુ ધર્મગુરૂ શ્રી બાલકૃષ્ણ માહારાજને રે,
માગું મમ ઉર મંદીરમાં નીરંતર વાસ;
દીનાનાથ હાથ ગ્રહો પ્રભુરે.

સાખી.

તવ દર્શન સ્પર્શન થકી, હવે ત્રીવીધ તન તાપ;
પાપ પ્રબલ પણ પલ વીશે, પ્રજલે આપ પ્રતાપ.

નેત્રથી નીરખી વદન મનોહર પરમાનંદમાં રે,
થાઉં છું મગન કરીને વચનામૃતનું પાન;
ધ્યાન ધરૂં હું ધર્મધુરંધર સુંદરરૂપનું રે.

સાખી.

મૂર્તી વિશ્વ વીમોહીની, કોટી મદન કમનીય;
રસીક વર્સા મમ મન વીષે, જન મનહર રમણીય.

વારંવાર વીલોકું નયન મીષો–મીસ મૂકીને રે,
તોપણ તૃપ્તી ન પામું દયા મયાશય ઇશ,–
શીશ ચરણમાં મુકું મને શરણમાં લહો સદા રે.

સાખી.


પાચરી ભુમંડળ વિષે, કીધો પુંષ્ટી પ્રકાશ;
લીધા લક્ષ સ્વપક્ષમાં, પુરી નીજ જન આશ.

હતું જે કંઇક જન્મનું કષ્ટ ઇષ્ટ તેં કાપીયું રે,
આપી અચળ ભક્તી તેં નીરભય પદ નીરવાણ.—
જાણી હતી નહીં જેને ધર્મતણી તેને તમે રે.

સાખી.

સકલાચાર શીરોમણી; વિઠ્ઠલકુળ અવતંશ;
જગદુદ્ધારણ કારણે, પ્રગટયા વલ્લભ વંશ.

હતા જે કંઇક માર્ગ વીભ્રાંત શાંત તેને કર્યા રે,
કીધા કૃષ્ણચંદ્રના કૃપાપાત્ર પરમેશ,
પ્રેમે રહેમ કરોને મણીલાલપે પરમગુરૂ રે.



પ્રકરણ ૧.

પ્રભાત.

૬. (રાગ—ગીતિ.)

કૃપા કરી પ્રભુ પ્યારા, દીનાનાથ દીનદયાળ હાથ ગ્રહો;
મહેર કરી ગુરૂ મુજપર, મૂકું ચર્ણમાં શીશ શર્ણમાં લહો.

૭ (પદ.)

તીમીર સહુ નીવારી, ચંદ્રનું તેજ હરૂતો;
કમલકળી વીકાશી, ભૃંગને મુક્ત કરૂતો.
અતીશય થઇ તાતો, વિશ્વમાં મૂકી પ્રાણ;
નરપતી સમ આવે, જો રૂડો ભવ્ય ભાણ.

પ્રભાત થવા લાગ્યું, ધુવડ આનંદ છોડી દઇ શોક-રૂપી કેદખીમાં પડવા લાગ્યાં. ચક્રવાકને આનંદ થયો. સૂર્ય ઉદય પામ્યો. ચંદ્ર અસ્ત થયો. કળીયુગમાં સજ્જનો કોઇ કોઇજ જોવામાં આવે છે, તેમ તારાઓ આ સમે કોઇ કોઇજ દેખાવા લાગ્યા. મુનીનું મન જેમ નીર્મળ હોય છે તેમ આકાશ નીર્મળ થઇ ગયું. જેમ સત્પુરૂષોનાં ચીત્તમાંથી દુર્જન અદ્રશ્ય થાય છે, તેમ અંધારૂં અદ્રશ્ય થયું. જેમ દરિદ્ર પાસેથી લક્ષ્મી નસ્ત થાય છે તેમ રાત્રી આ સમે વ્યતીત થઇ. સુવર્ણ ભક્ષ કરીને પારો પીગળો થઇ જાય છે, તેમ પૂર્વ દીશા પીળી થઇ ગઇ. જેમ મૂર્ખની સભામાં પંડીત કાન્તીહીન થઇ જાય છે, તેમ ચંદ્ર કાન્તી હીન થઇ ગયો. જેમ પ્રજાતરફ નહીં લક્ષ રાખતા રાજાઓ ક્ષણવારમાં ક્ષીણ થઇ જાય છે તેમ તારાઓ ક્ષણ માત્રમાં ક્ષીણ થઇ ગયા. જેમ વિનયહીનાના ગુણો શો-

ભતા નથી તેમ આ સમયે દીવાઓ શોભતા નહોતા. પ્રભાત થયું. ચંદ્ર જાણે પોતાના લાંબા પ્રવાસથી થાકી શીતળ વારીથી ન્હાવાની ઇચ્છા ધરતો હોય તેમ પશ્ચિમ મહાસાગર તરફ ઉતરતો હતો. આકાશ વિવિધ પ્રકારના રંગથી રંગાઇ ગયું હતું. દીશાઓ વિશાળ થવા લાગી. વૃક્ષોના પલ્લવોમાંથી ઝાકળનાં બીંદુઓ પડવા લાગ્યાં. પવન મંદ મંદ વાવા લાગ્યો. ચંદ્રમા જાણે પોતાની રાત્રીરૂપી નાયિકાના વિયોગની તૈયારીથી ક્ષોભ પામતો હોય તેમ દેખાવા લાગ્યો. કમળો સૂર્યને પોતાના લાંબા પ્રવાસમાંથી આવતો જાણી આનંદ પામતા હોય તેમ પ્રફુલ્લીત થવા લાગ્યા. પક્ષીઓ પોતાના માળામાં સૂર્યનું તેજ પડવાથી અગ્નીની શંકા પામી વૃક્ષોનો ત્યાગ કરવા લાગ્યા (ચંદ્રના કીરણો લોકોને મુર્છીત કરવાનું ફલ પામતા હોય તેમ મુર્છીત થવા લાગ્યા.) પક્ષીઓએ પોતાનું મૌનવૃત છોડયું. મંદમંદ પવનને લીધે હાલતી શાખારૂપી ચામ્મર વૃક્ષ ધારણ કરતુ હતું. વૃક્ષનાં પલ્લવો ઉપરથી જળનાં બીંદુ મંદમંદ પવનની લહેરીથી જમીનપર પડવા લાગ્યાં. તેજ દિવસે વિવિધ પ્રકારનો આનંદ થઇ રહ્યો હતો. બજારમાં અસંખ્ય તોરણો બંધાયાં હતાં. ધ્વજા પતાકાઓ અસંખ્ય હતાં. મંદીરના દરવાજાપાસે અસંખ્ય મનુષ્યનો સંઘટ્ટ થઇ રહ્યો હતો. અને એક આનંદીસ્થાન હોય તેમ દીસતું હતું.

૯. (પદ.)

આનંદી સુખ રમ્યસ્થાન આજે અહીં થઇ રહ્યું;
સુખી સૂર્ય પ્રકાશતાં દુઃખરૂપી તીમીર નાશી ગયું.

વળી તે મેરૂ પર્વત જેવું કનકમય દીસતું હતું. જાદુગરની પેઠે મનુષ્યનું મન તત્કાળ આકર્ષણ કરે એવું હતું.

જાણે અંતરીક્ષમાંથી ઈંદ્રલોકનો સમુદાય આવ્યો હોય તેમ ધંધુકા પુરી શોભતી હતી.

૯. (દાદરની ત્રીતાળ.)

(જલદી હુકમથયો રે જવાને પ્રીયા--એ ઢબ.)

શોભા અતી બની રે, ધંધુકામાં શોભા અતી બની રે:
ધ્વજા પતાકા શોભે રે, બજારે અતિ ધ્વજા પતાકા શોભે રે.

સાખી.

શરણાઇઓ વાગે અતી, ગાય છે રાગ અપાર;
સારંગી મહીં શોભતી, મૃદંગની શું ઝણકાર! શોભા.

સાખી.

આનંદ આનંદ થઇ રહ્યો, ધંધુકા મોઝાર;
મંગળ ગીતો ગાય છે, ભક્તવૃંદ સુખ સાર. શોભા.

સાખી.

ઓગણીસેં પંચાવનતણા, ચૈત્રમાસની મહાંય;
કૃષ્ણપક્ષની દ્વાદશી, આનંદ ઉત્સવ થાય. શોભા.

એક તરફ ત્રાંસાઓ જાણે દેવ દુંદુભિ ન હોય તેમ ઘોષ કરી રહ્યા હતા. બીજી તરફ વિવિધ પ્રકારનાં વાજીત્રોનો નાદ થતો હતો. એક તરફ ભક્તવૃંદ પ્રભુ કીર્તન ગાઇ રહ્યું હતું. એક તરફ શ્રદ્ધાસંપન્ન સ્ત્રીઓ પોતાના મધુર સ્વરથી કોયલોની હરીફાઇ કરતી હોય તેમ મૃદુમૃદુ સ્વરથી સુંદર ગીતો ગાતી હતી. આવી અદ્ભુત શોભા વચ્ચે શ્રીમદ્ ગોરવામી શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજે પધારી વૈશ્નવોના આનંદમાં વૃદ્ધિ કરી.

૧૦. (રાગ-કલ્યાણ.)

ઉમંગ ઉમંગ ઉમંગ, ઉમંગ ઉમંગ ઉમંગ;

ધંધુકા, મહારાજ પધાર્યા, થયો આજે ઉમંગ. ઉમંગ.
અમદાવાદ જીલ્લાની મધ્યે, ધંધુકા છે જ્યાંય;
બાળકૃષ્ણ માહારાજ પધાર્યા, પ્રેમ ધરીને ત્યાંય. ઉમંગ.
મુક્ત થઇ વ્યાપારેથી સૌ, ચપળ થયા જે મંદ;
ઉચાટ મનનો કાઢી નાંખી, વર્તાવ્યો આનંદ. ઉમંગ.
શ્રીસદ્‌ગુરૂને પધરાવ્યા છે, આણી ઉર ઉમંગ;
એ લીલા તો અદ્‌ભુત થઇ છે, ઉડયા પ્રેમ પતંગ. ઉમંગ.

૧૧. (રાગ–મેવાડો.)

થયો ધંધુકામાં આનંદ રે, પધાર્યા શ્રી માહારાજ;
સર્વ જનો આનંદ પામ્યા, સૌની પ્હોંચી આશ;
બાળકૃષ્ણ માહારાજ પધાર્યા, શ્રી ધંધુકામાં આજરે. પધાર્યા.
ઓગણીસેં પંચાવનતણા, ચૈત્ર માસની મ્હાંય;
કૃષ્ણપક્ષની દ્વાદશી દીન, આનંદ ઉત્સવ થાય રે. પધાર્યા.

૧૨. (ગીતિ.)

પ્રેમ ધરીને પધાર્યા, સર્વ વૈશ્નબંધુના શીરતાજ;
આનદ અધીક થાયે, દેખીને શ્રીબાલકૃષ્ણ મહારાજ.



પ્રકરણ ૨.

ધર્મકથા.

૧૩ ગીતિ.

મધુ કરી પ્રેમે ભ્રમોને, અમૃત કેરા પાન મહીં વિરમે;
બાલકૃષ્ણ દર્શનમાં, ભ્રમિત ભક્તો શાંતિ શૃંગ ચઢે.

આજે રાત્રે મંદીરમાં ધર્મ સભા થવાની છે, તેમાં સર્વ વૈશ્નવ બંધુઓને નીમંત્રણ દેવામાં આવ્યું છે. સાંજ પડી સૂર્ય પોતાના લાંબા પ્રવાસથી થાકી મેરૂ પર્વતઉપર વિશ્રાંતી લેવા જવાનું ધારતો હોય તેમ પશ્ચિમ દીશા તરફ ઉતરતો હતો. આકાશ વિવિધ પ્રકારના રંગથી રંગાઇ ગયું હોય તેમ પોતાનામાં નહીં સમાતી ગોબ્રાહ્મણ પ્રતીપાળ માહારાજ શ્રી બાલકૃષ્ણલાલજી માહારાજની કીર્તિને અવકાશ દેવાનું ધારતું હોય તેમ વિશાળ થવા લાગ્યું. સૂર્ય પોતાના દિવસરૂપી મીત્રની જુદાઇની તૈયારીથી ખેદ પામતો હોય તેમ ક્ષીણ દેખાતો હતો. પક્ષીઓ કલરવ કરતાં પોતાના માળા તરફ જતાં હતાં. કમલીનીરૂપી નાયિકાઓ પોતાના સૂર્યરૂપી પતિને વીદેશ જતો જાણી શોકમય થતી હતી. થોડે થોડે વખત વીતવા લાગ્યો. તિમિર ધારે ધારે પૃથ્વી ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવવા લાગ્યું. પણ તેને દૂર કરનાર ભગવાન રોહિણીપતિ ઉગ્યો અને અંતેઃ—

૧૪. (૫૬.)

પયોનિધિમાં, પતંગો વિરામ્યાં,
સરાંબુજથી, ષટ્પદો બહુજ સામ્યાં;
વિહંગી તરૂકોટરે, તો વિરામ્યાં,
અનંગે યુવતીઓતણાં, કષ્ટ જામ્યાં.

૧૫. (પદ.)

નારી જનતણા જો, નીર્મળ કપોલ જેવો,
સુંદર સુંદર ઉગે, ચંદ્રમા આજ કેવો.
ગ્રહ ગણ પરીવારે સર્વ, પાસે વીંટાયો,
પ્રદીપસમ પ્રકાશે, દીસે દીક્ષુ છવાયો.

તિમીર તિમીર સાર્વે, દામ વ્યાપી રહે છે;
કારણ ઝલક કેવી, આવી તેમાં પડે છે.
જ્યમ સુકી જઇ પાણી, પંક વીસ્તારે છે;
ધીમા ધીમી ક્ષિરધારા, વર્ષી તેમાં વહે છે.

૧૬. (પદ.)

જો જો ઉંચા શિખરથી ભગવાન ચંદ્ર,
આપી જગ્યા તિમિરને, સૂર્ય થયોજ અસ્ત.
ચંદ્ર પ્રવેશ કરતો, જ્યમ હસ્તીરાય;
દતગ્ર રેખ સુધી, કાંતિકલા જણાય.

આ વખતે મંદીરમાં સભાની તૈયારી થવા લાગી. દેવો ઉત્તમ ઉત્તમ વસ્ત્ર ધારણ કરી સભામાં આવવા લાગ્યા. અને પોતપોતાની જગ્યાપર બેઠા. સ્ત્રીઓ પણ આવીને પોતપોતાની જગા ઉપર બેઠી. સભા તેજોમય, સૌંદર્યમય, પ્રેમમય, આનંદમય, કૌતુકમય હોય એમ દેખાવા લાગી. સભા, સભાસદોના આભરણોથી રત્નમય લાગતી અંદરના લોકોથી કલ્લોલમય દીસતી, અને છડીદારોના શબ્દોથી આનંદમય દેખાતી હતી. લોકોનો સંઘટ્ટ ઘણોજ હતો. સભાસદો સિવાય બીજા મનુષ્યો પણ ઘણા આવ્યા હતા. લોકોના સંઘટ્ટને લીધે મહારાજશ્રીના દર્શન નહીં થાય તથા તેમનું સંભાષણ નહીં સંભળાય એમ ધારી મંદીરના પ્રાસાદતળ ઉપર તથા ઉંચી જગોપર ચઢવા લાગ્યા.

સભા, સભાસદોથી ભરપુર થઇ. માહારાજ શ્રી બાલકૃષ્ણલાલજી સભામાં પધાર્યા. લોકોએ ઉભા થઇ જેમ મયુરો ચઢી આવતા મેઘને ટૌકારાથી અભીવંદન આપે તેમ શ્રી બાલકૃષ્ણલાલજીને જય જય શબ્દથી અભીવંદન આપવા લાગ્યા. જેમ વૃક્ષવન આવતાં વસંતને પાંદડાં તથા શોભીતી શાખાઓવડે નમન કરે તેમ સર્વ ભકતજનો શ્રી સદ્‌ગુરૂદેવને પોતાના પાઘથી સુશોભિત મસ્તકોવડે નમસ્કાર કરવા લાગ્યા. જેમ રાજહંસ માનસરોવર જલતરંગોની પંકિતઓપર થઇ કમલપર બેસે તેમ માહારાજશ્રી પગથીઆપર થઇ આસનપર વીરાજ્યા. જેમ તારાઓમાં ચંદ્ર શોભે તેમ સભાસદોની વચ્ચે માહારાજ શ્રી શોભવા લાગ્યા. હવે કથા શરૂ થઇ. દેવભાષાંકિત શ્રુતીરહસ્યનું ગુજરાતી ભાષાંતર કરી વૈષ્ણવોને સમજાવવા માંડયું. તેમજ બીજું આત્મજ્ઞાન પણ આપવા માંડયું જે વાચકવૃંદ આગળ વાંચશે. જે જે વિષય ઉપર શંકા રહેતી હતી તે તે શંકાનું માહારાજશ્રી નીરાકરણ કરતા હતા. શ્રુતીરહસ્યની એક પણ નકલ મારી પાસે નથી તેમજ તે વિષે મને જરા પણ જ્ઞાન નથી માટે કથામાં શું શું વિષયો ઉપર ઉપર વિવેચન થયું તે મારી બુદ્ધિને અગમ્ય હોવાથી અહીં વર્ણવ્યું નથી. થોડીવારે કથા સંપુર્ણ થઇ. સર્વ વૈષ્ણવોએ ઉભા થઇ માહારાજશ્રીની આરતી કરી. અને નીચેનું સંગીત પ્રાર્થનાર્થે ગાઇ સર્વ હર્ષનાદ કરતા વિસર્જન થયા.

૧૭ (ગરબો.)

(પુનમ ચાંદની ખાલી—એ.)

પ્રભુજી નમીને હેતે શામીએ તારા ચર્ણમાંરે
હૃદયે રાખી તારૂં સ્વરૂપ થાઉં શાણું;
દેજો જ્ઞાનભક્તી સહજ્ઞાન સદ્‌ગુરૂ આપજોરે.

સાખી.

અજ્ઞાને ઘેરેલને, અવર નથી આધાર;
હું છું પ્રેમ પીપાસીત, પાન કરાવી ઉદ્ધાર.
દયા લાવીને પ્રીતમ કરો પ્રેરણારે,
એતો પ્રમુખજ મુજ મન કેરો જાણો કોડ;
હેતે સ્થાપી દાપી દુઃખડાં મારાં કાપજોરે.

સાખી.

અકળ કળા છો પતી, સતીની રાખો લાજ;
સદ્‌ગુરૂ આ ઉર સ્થાપજો, સફળ થાય મમ કાજ.
સાથ સદ્‌ગુરૂનો હેતે પ્રીતમ, સ્થાપજોરે. એતો–હેતે.

સાખી.

દુર્ગુણ ઉરથી ટાળસો, પાળશો એ જે બાળ;
જન્મ તણું સાફલ્ય તે, પ્રેમાન્તરની આસ.
આસ આપીને રાખોને ખાસ પાસમાંરે; એતો-હેતે

સાખી.

હરવડી મનહર જોજ હું, કરૂં છું નમસ્કાર;
જગતવંદ્ય કરૂણાનીધી, વિજ્ઞપ્તીજ સ્વીકાર.
રાખો બાળ આજ શીશુ તણી ચોપાસમાંરે; એતો–હેતે.

બાદ સભાજનો થોડે થોડે વિસર્જન થઇ ગયાં.



પ્રકરણ ૩.

કીર્તન.

૧૮. (રાગ—ગીતિ.)

દીનદયાળ પ્રભુ પ્યારા, આજ અમારી ઉર તમે ધારો;
કર જોડી કરૂં વિનંતી, પ્રેમ ધરીને મને હરિ તારો.

રાત્રી થઇ. પ્રેમી ભક્તો મંદીરમાં જઇ એકેક આગ-
કીર્તન * ગાવા લાગ્યા. મૃદંગ તથા ઝાંઝ વાગવા લાગ્યાં.

૧૯. (રાગ—કાન્હરો)

અશરણ જીવ શરણુને કાજે, પુરૂષોતમ પ્રભુ પ્રગટ બીરાજે,
સુંદર છબી તોરી મન શોભાવે, બાલકૃષ્ણ છબી ચીત્ત ભાવે.
અધમ ઉદ્ધારણ તરણ તારણ, ગુણ હું ગાઉ તમારા પ્રીતે,
સારમાં સાર છે ભક્તી તમારી, તવ દર્શનનો અતિ અભીલાષી.
સુંદર શંગાર સુખમય લાગે, નીરખી નયનો થાય ઉલ્લાસે;
બાલકૃષ્ણ ગોપાલ સોહાવે, વર્ણન મોસે કીયો નહીં જાવે.
તવકૃપ્તિ કરો લેદન પાવું, તોપણ ગુણ તમારા હું ગાઊં.

૨૦ (રાગ—ધનાશ્રી.)

યમુનામેં કુદી પડયો; કનૈયો તેરો.
જલ યમુના કો હે અતિ ઘેરો, કુદત જરી નડયો. કનૈયો.
પાતાલ જાકે કાલીનાગ નાથ્યો, કું કે કાટ ન પર્યો. કનૈયો.
રૂદન કરે માત યશોદા, અખીઆં નીર ભર્યો. કનૈયો.

૨૧. (પદ.)

આરાધો તમે પ્રેમ ધરીને બાલકૃષ્ણ મહારાજ,
એકજ ભાવે આરાધશું તો, મળશે મુકિત સાજ;

* (કીર્તનોમાંથી થોડાં કીર્તન અહીં ટાંક્યાં છે.)

માટે મનુષ્યાવતાર મળ્યો છે, ગુરૂની શેવા માટ.
પુર્વના કર્મ પ્રારબ્ધ ઉઘડ્યું, મળ્યો છે મનુષ્ય દેહ;
માટે આ જન્મ વૃથા ગાળીને, નવ દે માથે છેહ.
આ મારૂં આ તારૂં કરતાં, ખાલી ગુમાવીશ જન્મ;
વળી પાછું ફરવું પડશે, ચોરાશી લક્ષ જન્મ.
વખત ગયા પછી હાથ ન લાગે, લક્ષ ખરચતું દામ;
માટે બાલકૃષ્ણ પ્રભુ ભજી લે, મુકી દઇને કામ.

૨૨. (ઠુમરી)

નંદકુંવરસેં પ્રીત લગી બદનામ બ્રજમેં હોય ચુકી.
પ્રેમ કે બાન લગે હૈ તનમેં, યે જ્યા હાથસેં ઘાય ચુકી. નંદ.
પ્રેમ પ્રવાહમેં જાતવહીમેં, અખીયાંસે અશ્રુ હોય ચુકી. ,,
કોઇ એક કહો કોઇ લક્ષ કહો, અબ હોનારીસો હોઇ ચુકી. ,,
યમુના કે તીર ઝુકી રહી મેં, પ્રેમકો અમૃત પીઇ ચુકી. ,,
યશોદા પુત્રસેં પ્રીત લગી, બદનામ બ્રજમેં હોઇ ચુકી. ,,
એસી રીતમેં ચીત્તલગ્યો મેરો, શીરતાજ હમેરો નંદજુકી. ,,

૨૩ (ગરબો.)

આજ બંસરી બજાઇ કાન—બંસરી બજાઇ કાન,
ચીતડું હમારૂં ચોરાઇ ગયું;
લાગે તનમેં પ્રેમકે બાન—તનમેં પ્રેમકે બાન.
શુધ નવ રહી મેરા ચીત્તતણી,
પાન કર્યું મેં પ્રેમામૃત તણું;
બ્રજમેં હમારૂં બદ નામ થયું. આજ
શીશે કલંગી શોભે અતી, મનહર મુખ દેખાય;
પીતાંબર અતી શોભતું.
સખી નીરખી કૃષ્ણનું રૂપ મોહ મને લાગે છે;
મોહ લાગે છે, સખી નીરખી; આજે.

મુર્તી મન વ.મોહીની, કોહી મદન કમનીય,
રસીક સંગ પ્રીત બાંધી મેં;
મને થાય છે રે મજા આવે સમે તો દોડું ભેટવારે,
ભેટવારે, સખી નરખી; આજે.

૨૪ (પદ.)

(રાગ—પૈયામેં લાગુંચાચા પ્રીયારે મોરે લય.)

તરણ તારણ સાંભળ પ્યારા;
લક્ષ્મી સેવે ચરણ તમારા.
શીશ નમાવુંછું શરણે આ પ્યારા;
વીજુ વર કહો કાપો અમારા,
સદ્‌ગુરૂ ! નમું હું. વરસાવો સુખ ! તરણ.

૨૫ (પદ.)

અજર અમર સુખ આપ વ્હાલા,
ભય હર, જય કર, સુખ કર, નરવર. અજર.
નીતોમ તોમ તનોમ તનોમ તોમ,
તદરે નાના દીરેના તના તાદરેના;
તોમ તોમ તદીવન નાદીરેના,
તદાની કીડ કીડધા કીડ કીડધા,
ધાધીકટ ધાધીકટ ધાધા. વ્હાલા. અજર.

૨૬. (લાવણી.)

શ્રી કૃષ્ણ ગીરધારી મને વ્હાલા બહુ,
રાસ રમે બહુ, ગોપીઓ મળી સહુ;
સાથે ગોપ બહુ, કરે લીલા સહુ. શ્રી કૃષ્ણ.
ખીલી શરદ પુનમની, રાત અતી,
ઘેલી બની રાધીકા ત્યાં જોઇ પતી;
નીરખી શ્યામ સુંદર, માથે મુગટ સુંદર. શ્રી કૃષ્ણ

ઘેલાં કીધાં સર્વેને મુરલી તાનમાં,
દીસે ત્રીભુવન એક તાનમાં;
વારી જાઉં અતી, હું છું અલ્પ મતિ. શ્રી કૃષ્ણ.
રમે ઝાંઝ મૃદંગના તાલમાં,
સહુ તન્મય થયાં ત્યાં ગાનમાં;
ચંદ્ર સ્થીર થયો, ષટ્ માસ ગયો. શ્રી કૃષ્ણ.
ગાય રાસ લીલાને જે કોઇ સાંભળે,
ચંદ્રકાન્ત સમે સહુ પાપ બળે;
સુજ્ઞ જનો તમે, સુણો શાણા તમે. શ્રી કૃષ્ણ.

૨૭. (રાગ-ધનાશ્રી.)

બાલકૃષ્ણ માહારાજ; વંદુ પ્રેમે:—
પતીત પાવન દયા કરો ઇશ્વર, તમે છો ગરીબનીવાજ. વંદુ.
રસીકવંસી મમ ઉર વિષે તમે, પુરો મનની આસ. ,,
વારંવાર વીલોકું નયનથી, તોપણ તૃપ્તી ન થાય. ,,
શીશ ચર્ણમાં મુકું પ્રભુજી, બાંધ્ય ગ્રહો સુખસાજ. ,,
ધ્યાન ધરૂંછું ધુરંધર કેરૂં, સુધારો સર્વે કાજ. ,,
ચાહુંછું મગ્ન પાન કરીને, વચનામૃતનું આજ. ,,
પાપ પ્રબલ પણ આપ પ્રતાપે, પ્રજલે અતુલ પ્રતાપ. ,,
જગદુદ્ધારણ કારણ પ્રકટયા, ગુરૂવર મમ શીરતાજ. ,,
ચંદ્રકાંત સમ મહેર કરીને, હસ્ત ગ્રહો મહારાજ. ,,

૨૮. (લાવણી.)

લીધો મનુષ્યનો અવતાર દેવને ભજવા,
બીજા પ્રપંચ સર્વે જુઠ જાણીને તજવા;
આપી છે પ્રભુએ બુદ્ધી હરી ઓળખવા,
નહીં ચહાય મુર્ખ જે હોય, પ્રભુને મળવા;
ચક્ષુ આપ્યાં છે હરીએ દર્શન કરવા,

પ્રકરણ ૧.

પ્રભાત.

૬. (રાગ–ગીતિ.)

કૃપા કરી પ્રભુ પ્યારા, દીનાનાથ દીનદયાળ હાથ ગ્રહો;
મહેર કરી ગુરૂ મુજપર, મૂકું ચર્ણમાં શીશ શર્ણમાં લહો.

૭ (પદ.)

તીમીર સહુ નીવારી, ચંદ્રનું તેજ હરૂતો:
કમલકળી વીકાશી, ભૃંગને મુક્ત કરૂતો.
અતીશય થઇ તાનો, વિશ્વમાં મૂકી પ્રાણ:
નરપતી સમ આવે, જો ઉગે ભવ્ય ભાણ.

પ્રભાત થવા લાગ્યું, ઘુવડ આનંદ છોડી કઇ શોક-રૂપી ઉદધીમાં પડવાં લાગ્યાં. ચક્રવાકને આનંદ થયો. સૂર્ય ઉદય પામ્યો. ચંદ્ર અસ્ત થયો. કળીયુગમાં સજ્જનો કોઇ કોઇજ જોવામાં આવે છે, તેમ તારાઓ આ સમે કોઇ કોઇજ દેખાવા લાગ્યા. મુનીનું મન જેમ નીર્મળ હોય છે તેમ આકાશ નીર્મળ થઇ ગયું. જેમ સત્પુરૂષોનાં ચીત્તમાં-થી દુર્જન અદૃશ્ય થાય છે, તેમ અંધારૂં અદૃશ્ય થયું. જે-મ દરિદ્ર પાસેથી લક્ષ્મી નસ્ત થાય છે તેમ રાત્રી આ સ-મે વ્યતીત થઇ. સુવર્ણ ભક્ષ કરીને પારો પીંગળો થઇ જાય છે, તેમ પુર્વ દીશા પીંગળી થઇ ગઇ. જેમ મૂર્ખની સભામાં પંડીત કાન્તીહીન થઇ જાય છે, તેમ ચંદ્ર કાન્તી હીન થઇ ગયો. જેમ પ્રજાતરફ નહીં લક્ષ રાખતા રા-જાઓ ક્ષણવારમાં ક્ષીણ થઇ જાય છે તેમ તારાઓ ક્ષણ માત્રમાં ક્ષીણ થઇ ગયા. જેમ વિનયવીનાના ગુણો શો-

ભતા નથી તેમ આ સમયે દીવાઓ શોભતા નહોતા. પ્રભાત થયું. ચંદ્ર જાણે પોતાના લાંબા પ્રવાસથી થાકી શીતળ વારીથી ન્હાવાની ઇચ્છા ધરતો હોય તેમ પશ્ચિમ મહાસાગર તરફ ઉતરતો હતો. આકાશ વિવિધ પ્રકારના રંગથી રંગાઇ ગયું હતું. દીશાઓ વિશાળ થવા લાગી. વૃક્ષોના પલ્લવોમાંથી ઝાકળનાં બીંદુઓ પડવા લાગ્યાં. પવન મંદ મંદ વાવા લાગ્યો. ચંદ્રમા જાણે પોતાની રાત્રીરૂપી નાયિકાના વિયોગની તૈયારીથી ક્ષોભ પામતો હોય તેમ દેખાવા લાગ્યો. કમળો સૂર્યને પોતાના લાંબા પ્રવાસમાંથી આવતો જાણી આનંદ પામતા હોય તેમ પ્રફુલ્લીત થવા લાગ્યા. પક્ષીઓ પોતાના માળામાં સૂર્યનું તેજ પડવાથી અગ્નીની શંકા પામી વૃક્ષોનો ત્યાગ કરવા લાગ્યા (ચંદ્રના કીરણો લોકોને મુર્છીત કરવાનું ફલ પામતા હોય તેમ મુર્છીત થવા લાગ્યા.) પક્ષીઓએ પોતાનું મૌનવ્રત છોડયું. મંદમંદ પવનને લીધે હાલતી શાખારૂપી ચામર વૃક્ષ ધારણ કરતુ હતું. વૃક્ષનાં પલ્લવો ઉપરથી જળનાં બીંદુ મંદમંદ પવનની લહેરીથી જમીનપર પડવા લાગ્યાં. તેજ દિવસે વિવિધ પ્રકારનો આનંદ થઇ રહ્યો હતો. બજારમાં અસંખ્ય તોરણો બંધાયાં હતાં. ધ્વજા પતાકાઓ અસંખ્ય હતાં. મંદીરના દરવાજાપાસે અસંખ્ય મનુષ્યનો સંઘટ્ટ થઇ રહ્યો હતો. અને એક આનંદીસ્થાન હોય તેમ દીસતું હતું.

૮. (પદ.)

આનંદી સુખ રમ્યસ્થાન આજે અહીં થઇ રહ્યું;
સુખી સૂર્ય પ્રકાશતાં દુઃખરૂપી તીમીર નાશી ગયું.

વળી તે મેરૂ પર્વત જેવું કનકમય દીસતું હતું. જાદુગરની પેઠે મનુષ્યનું મન તત્કાળ આકર્ષણ કરે એવું હતું.

જાણે અંતરીક્ષમાંથી ઇંદ્રલોકનો સમુદાય આવ્યો હોય તેમ ધંધુકા પુરી શોભતી હતી.

૯. (દાદરની ત્રીતાળ.)

(જલદી હુકમ થયો રે જવાને ધીમા—એ ઢંગ.)

શોભા અતી બની રે, ધંધુકામાં શોભા અતી બની રે:
ધ્વજા પતાકા શોભે રે, બજારે અતિ ધ્વજા પતાકા શોભે રે.

સાખી.

શરણાઇઓ વાગે અતી, ગાય છે રાગ અપાર;
સારંગી મહીં શોભતી, મૃદંગની શું બ્હાર! શોભા.

સાખી.

આનંદ આનંદ થઇ રહ્યો, ધંધુકા મોઝાર;
મંગળ ગીતો ગાય છે, ભકતવૃંદ સુખ સાર. શોભા.

સાખી.

ઓગણીસેં પંચાવનતણા, ચૈત્રમાસની માંય;
કૃષ્ણપક્ષની દ્વાદશી, આનંદ ઉત્સવ થાય. શોભા.

એક તરફ ત્રાંસાઓ જાણે દેવ દુંદુભિ ન હોય તેમ ઘોષ કરી રહ્યા હતા. બીજી તરફ વિવિધ પ્રકારનાં વાજીંત્રો-નો નાદ થતો હતો. એક તરફ ભક્તવૃંદ પ્રભુ કીર્તન ગાઇ રહ્યું હતું. એક તરફ અબળાજન સ્ત્રીઓ પોતાના મધુર સ્વરથી કોયલોની હરીફાઇ કરતી હોય તેમ [illegible] સુંદર ગીતો ગાતી હતી. આવી અદ્ભુત શોભા વચ્ચે શ્રીમદ્ ગોસ્વામી શ્રી બાળકૃષ્ણલાલજી મહારાજે પધારી વૈષ્ણવોના આનંદમાં વૃદ્ધિ કરી.

૧૦. (રાગ-કેદારો.)

ઉમંગ ઉમંગ ઉમંગ, ઉમંગ ઉમંગ ઉમંગ;

ધંધુકા, મહારાજ પધાર્યા, થયો આજે ઉમંગ. ઉમંગ.
અમદાવાદ જીલ્લાની મધ્યે, ધંધુકા છે જ્યાંય;
બાળકૃષ્ણ મહારાજ પધાર્યા, પ્રેમ ધરીને ત્યાંય. ઉમંગ.
મુક્ત થઇ વ્યાપારેથી સૌ, ચપળ થયા જે મંદ;
ઉચાટ મનનો કાઢી નાંખી, વર્તાવ્યો આનંદ. ઉમંગ.
શ્રીસદ્‌ગુરૂને પધરાવ્યા છે, આણી ઉર ઉમંગ;
એ લીલા તો અદ્‌ભુત થઇ છે, ઉડયા પ્રેમ પતંગ. ઉમંગ.

૧૧. (રાગ-મેવાડો.)

થયો ધંધુકામાં આનંદ રે, પધાર્યા શ્રી માહારાજ;
સર્વ જનો આનંદ પામ્યા, સૌની પ્હોંચી આશ;
બાળકૃષ્ણ માહારાજ પધાર્યા, શ્રી ધંધુકામાં આજરે. પધાર્યા.
ઓગણીસેં પંચાવનતણા, ચૈત્ર માસની મ્હાંય;
કૃષ્ણપ્રક્ષની દ્વાદશી દીન, આનંદ ઉત્સવ થાય રે. પધાર્યા.

૧૨. (ગીતિ.)

પ્રેમ ધરીને પધાર્યા, સર્વે વૈશ્નબંધુના શીરતાજ;
આનંદ અધીક થાયે, દેખીને શ્રીબાલકૃષ્ણ મહારાજ.



પ્રકરણ ૨.

ધર્મકથા.

૧૩ ગીતિ.

મધુ કરી પ્રેમે ભ્રમીને, અમૃત કેરા પાન નહીં વિરમે;
બાલકૃષ્ણ દર્શનમાં, ભ્રમિત ભક્તો શાંતિ શૃંગ ચડે.

આજે રાત્રે મંદીરમાં ધર્મ સભા થવાની છે, તેમાં સર્વ વૈશ્નવ બંધુઓને નીમંત્રણ દેવામાં આવ્યું છે. સાંજ પડી સૂર્ય પોતાના લાંબા પ્રવાસથી થાકી મેરૂ પર્વતરૂપર વિશ્રાંતી લેવા જવાનું ધારતો હોય તેમ પશ્ચિમ દીશા તરફ ઉતરતો હતો. આકાશ વિવિધ પ્રકારના રંગથી રંગાઇ ગયું હોય તેમ પોતાનામાં નહીં સમાતી ગોસ્વામિ પ્રતીપાળ મહારાજ શ્રી બાલકૃષ્ણલાલજી માહારાજની કીર્તિને અવકાશ દેવાનું ધારતું હોય તેમ વિશાળ થવા લાગ્યું. સૂર્ય પોતાના દિવસરૂપી મીત્રની જુદાઇની તૈયારીથી ખેદ પામતો હોય તેમ ક્ષીણ દેખાતો હતો. પક્ષીઓ કલરવ કરતાં પોતાના માળા તરફ જતાં હતાં. કમલીનારૂપી નાયિકાઓ પોતાના સૂર્યરૂપી પતિને વીદેશ જતો જાણી શોકમય થતી હતી. થોડે થોડે વખત વીતવા લાગ્યો. તિમિર ધારે ધારે પૃથ્વી ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવવા લાગ્યું. પણ તેને દૂર કરનાર ભગવાન રોહિણીપતિ ઉગ્યો અને અંતઃ—

૧૪. (પદ.)

પયોનિધિમાં, પતગો વિરામ્યં,
સરાંબુજથી, ષટ્પદો બહુજ સામ્યાં;
વિહંગી તરૂકોટરે, તો વિરામ્યાં,
અનંગે યુવતીઓતણાં, કષ્ટ જામ્યાં.

૧૫. (પદ.)

નારી જનતણા જો, નીર્મળ કપોલ જેવો,
સુંદર સુંદર ઉગે, ચંદ્રમા આજ કેવો.
અર્ધ ગણ પરીવારે સર્વ, પાસે વીંટાયો,
પ્રદીપસમ પ્રકાશે, દીસે દીશું છવાયો.
તિમીર તિમીર સર્વે, ઠામ વ્યાપી રહે છે;
કારણ ઝલક કેવી, આવી તેમાં પડે છે.
જયમ સુકી જઇ પાણી, પંક વીસ્તારે છે;
ધીમી ધીમી ક્ષિરધારા, વર્ષી તેમાં વહે છે.

૧૬. (પદ.)

જો જો ઉંચા શિખરથી ભગવાન ચંદ્ર,
આપી જગ્યા તિમિરને, સુર્ય થયોજ અસ્ત.
ચંદ્ર પ્રવેશ કરતો, જયમ હસ્તીરાય;
દંતગ્ર રેખ સુધી, કાંતિકલા જણાય.

આ વખતે મંદીરમાં સભાની તૈયારી થવા લાગી. વૈશ્નવો ઉત્તમ ઉત્તમ વસ્ત્ર ધારણ કરી સભામાં આવવા લાગ્યા. અને પોતપોતાની જગ્યાપર બેઠા. સ્ત્રીઓ પણ આવીને પોતપોતાની જગા ઉપર બેઠી. સભા તેજોમય, સૌંદર્યમય, પ્રેમમય, આનંદમય, કૌતુકમય હોય એમ દેખાવા લાગી. સભા, સભાસદોના આભરણોથી રત્નમય લાગતી અંદરના લોકોથી કલોલમય દીસતી, અને છડીદારોના શબ્દોથી આનંદમય દેખાતી હતી. લોકોનો સંઘટ્ટ ઘણોજ હતો. સભાસદો સિવાય બીજા મનુષ્યો પણ ઘણા આવ્યા હતા. લોકોના સંઘટ્ટને લીધે મહારાજશ્રીના દર્શન નહીં થાય તથા તેમનું સંભાષણ નહીં સંભળાય એમ ધારી, મંદીરના પ્રાસાદતળ ઉપર તથા ઉંચી જગોપર ચઢવા લાગ્યા.

સભા, સભાસદોથી ભરપુર થઇ. માહારાજ શ્રી બાલકૃષ્ણલાલજી સભામાં પધાર્યા. લોકોએ ઉભા થઇ જેમ મયુરો ચઢી આવતા મેઘને ટૌકારાથી અભીવંદન આપે તેમ શ્રી બાલકૃષ્ણલાલજીને જય જય શબ્દથી અભીવંદન આપવા લાગ્યા. જેમ વૃક્ષવન આવતાં વસંતને પાંદડાં તથા શોભીતી શાખાઓવડે નમન કરે તેમ સર્વ ભકતજનો શ્રી સદ્ગુરૂદેવને પોતાના પાઘથી સુશોભિત મસ્તકોવડે નમસ્કાર કરવા લાગ્યા. જેમ રાજહંસ માનસરોવર જલતરંગોની પંકિતઓપર થઇ કમલપર બેસે તેમ માહારાજશ્રી પગથીઆપર થઇ આસનપર વીરાજ્યા. જેમ તારાઓમાં ચંદ્ર શોભે તેમ સભાસદોની વચ્ચે માહારાજ શ્રી શોભવા લાગ્યા. હવે કથા શરૂ થઇ. દેવભાષાંકિત શ્રુતીરહસ્યનું ગુજરાતી ભાષાંતર કરી વૈશ્નવોને સમજાવવા માંડયું. તેમજ બીજું આત્મજ્ઞાન પણ આપવા માંડયું જે વાચકવૃંદ આગળ વાંચશે. જે જે વિષય ઉપર શંકા રહેતી હતી તે તે શંકાનું માહારાજશ્રી નીરાકરણ કરતા હતા. શ્રુતીરહસ્યની એક પણ નકલ મારી પાસે નથી તેમજ તે વિષે મને જરા પણ જ્ઞાન નથી માટે કથામાં શું શું વિષયો ઉપર ઉપર વિવેચન થયું તે મારી બુદ્ધિને અગમ્ય હોવાથી અહીં વર્ણવ્યું નથી. થોડીવારે કથા સંપુર્ણ થઇ. સર્વ વૈશ્નવોએ ઉભા થઇ માહારાજશ્રીની આરતી કરી. અને નીચેનું સંગીત પ્રાર્થનાર્થે ગાઇ સર્વ હર્ષનાદ કરતા વિસર્જન થયા.

૧૭ (ગરબો.)

(પુનમ ચાંદની ખીલી—એ.)

પ્રભુજી નમીને હેતે શમીએ તાસ ચર્ણમાંરે
હૃદયે રાખી તારૂં સ્વરૂપ થાઉં શર્ણું;
દેજો જ્ઞાનભકતી સદ્જ્ઞાન સદ્ગુરૂ આપજોરે.

સાખી.

અજ્ઞાને ઘેરેલને, અન્દર નથી આધાર;
હું છું પ્રેમ પીપાસીત, પાન કરાવી ઉદ્ધાર.
દયા લાવીને પ્રીતમ કરો પ્રેરણારે,
એનો પ્રમુખજ મુજ મન કેરો જાણો કોડ;
હેતે સ્થાપો દાપી દુઃખડાં મારાં કાપજોરે.

સાખી.

આકળા કળા છો પતી, સતીની રાખો લાજ;
સદ્‌ગુરૂ આ ઉર સ્થાપજો, સફળ થાય મમ કાજ.
સાથ સદ્‌ગુરૂનો હેતે પ્રીતમ, સ્થાપજોરે. એતો—હેતે.

સાખી.

દુર્ગુણ ઉરથી ટાળસો, પાળશો એ જે બાળ;
જન્મ તણું સાફલ્ય તે, પ્રેમાન્તરની આસ.
આસ આપીને રાખોને ખાસ પાસમાંરે; એતો-હેતે

સાખી.

હરખડી મનહર જેજ હું. કરૂં છું નમસ્કાર;
જગતવંદ્ય કરૂણાનીધી, વિજ્ઞપ્તીજ સ્વીકાર.
રાખો બાળ આજ શીશુ તણી ચોપાસમાંરે; એતો—હેતે.

બાદ સભાજનો થોડે થોડે વિસર્જન થઇ ગયાં.



પ્રકરણ ૩.

કીર્તન.

૧૮. (રાગ-ગીતિ.)

દીનદયાળ પ્રભુ પ્યારા, અરજ અમારી ઉર તમે ધારો;
કર જોડી કરૂં વિનંતી, પ્રેમ ધરીને મને હરિ તારો.

રાત્રી થઇ. પ્રેમી ભક્તો મંદીરમાં જઇ એકેક આગ-
કીર્તન * ગાવા લાગ્યા. મૃદંગ તથા ઝાંઝ વાગવા લાગ્યાં.

૧૯. (રાગ-કાન્હરો)

અશરણ જીવ શરણને કાજે, પુરૂષોતમ પ્રભુ પ્રગટ બીરાજે,
સુંદર છબી તોરી મન લોભાવે, બાલકૃષ્ણ છબી ચીત્ત ભાવે.
અધમ ઉદ્ધારણ તરણ તારણ, ગુણ હું ગાઉં તમારા પ્રીતે,
સારમાં સાર છે ભક્તી તમારી, તવ દર્શનનો અતિ અભીલાષી.
સુંદર શંગાર સુખમય લાગે, નીરખી નયનો થાય ઉલ્લાસે;
બાલકૃષ્ણ ગોપાલ સોહાવે, વર્ણન મોસે કીયો નહીં જાવે.
તવકૃત્તિ કરો ભેદન પાવું, તોપણ ગુણ તમારા હું ગાઉં.

૨૦ (રાગ-ધનાશ્રી.)

યમુનામેં કુદી પડયો; કનૈયો તેરો.
જલ યમુના કો હે અતિ વેગ, કુદત જરી નડયો. કનૈયો.
પાતાલ જાકે કાલીનાગ નાથ્યો, ફુંકે ફાટ ન પર્યો. કનૈયો.
રૂદન કરે માત યશોદા, અખીઆં નીર ભર્યો. કનૈયો.

૨૧. (પદ.)

આરાધો તમે પ્રેમ ધરીને બાલકૃષ્ણ મહારાજ,
એકજ ભાવે આરાધશું તો, મળશે મુક્તિ સાર;

---

* (કીર્તનોમાંથી થોડાં કીર્તન અહીં ટાંક્યાં છે.)

માટે મનુષ્યાવતાર મળ્યો છે, ગુરૂની શેવા માટ.
પુર્વના કર્મ ક રુપે ઉઘડ્યું, મળ્યો છે મનુષ્ય દેહ;
માટે આ જન્મ વૃથા ગાળીને, નવ દે ગાયે છેહ.
આ મારૂં આ તારૂં કરતાં, ખાલી ગુમાવીશ જન્મ;
વળી પાછું ફરવું પડશે, ચોરાશી લક્ષ જન્મ.
વખત ગયા પછી હાથ ન લાગે, લક્ષ ખરચતું દામ;
માટે બાલકૃષ્ણ પ્રભુ ભજી લે, મુકી દઇને કામ.

૨૨. (ઠુમરી)

નંદકુંવરસેં પ્રીત લગી બદનામ બ્રજમેં હોય ચુકી.
પ્રેમ કે બાન લગે હે તનમેં, યે છયા હાથસે ઘાય ચુકી. નંદ.
પ્રેમ પ્રવાહમેં જાત વહીમેં, અખીયાંસે અશ્રુ લોય ચુકી. ,,
કોઇ એક કહો કોઇ લક્ષ કહો, અબ હોનારીસો હોઇ ચુકી. ,,
યમુના કે તીર ઝુકી રહી મેં, પ્રેમકો અમૃત પીઇ ચુકી. ,,
યશોદા પુત્રસેં પ્રીત લગી બદનામ બ્રજમેં હોઇ ચુકી. ,,
એસી રીતમેં ચીત્ત લગ્યે મેરો, શીરતાજ હમેરો નંદજુકી. ,,

૨૩ (ગરબો.)

આજ બંસરી બજાઇ કાન–બંસરી બજાઇ કાન,
ચીતડું હમારૂં ચોરાઇ ગયું;
લાગે તનમેં પ્રેમકે બાન–તનમેં પ્રેમકે બાન.
શુધ નવ રહી મારા ચીત્તતણી,
પાન કર્યું મેં પ્રેમામૃત તણું;
બ્રજમેં હમારૂં બદનામ થયું આજ
શીશે કલગી શોભે અતી, મનહર મુખ દેખાય;
પીતાંબર અતી શોભતું
સખી નીરખી કૃષ્ણનું રૂપ મોહ મને લાગે છે;
મોહ લાગે છે, સખી નીરખી; આજે.

મુર્તી મન વીમોહીની, કોહી મદન કમનીય,
રસીક સંગ પ્રીત બાંધી મેં;
મને થાય છે રે મળે આવે સમે તો દોડું ભેટવારે,
ભેટવારે, સખી નરખી; આજે.

૨૪ (પદ.)

(રાગ–પૈયામેં લાગું આચા પ્રીયારે મોરે લય.)

તરણ તારણ સાંભળ પ્યારા;
લક્ષ્મી સેવે ચરણ તમારા.
શીશ નમાવું છું શરણે આ પ્યારા;
વીજુ વર કષ્ટો કાપો અમારા,
સદ્ગુરૂ! નમું હું. વરસાવો સુખ! તરણ.

૨૫ (પદ.)

અજર અમર સુખ આપ વ્હાલા,
ભય હર, જય કર, સુખ કર, નરવર. અજર.
નીતોમ તોમ તનોમ તનોમ તોમ,
તદરે નાના દીરેના તના તાદરેના;
તોમ તોમ તદીવન નાદીરેના,
તદાની ક્રીડ ક્રીડધા ક્રીડ ક્રીડધા,
ધાધીકટ ધાધીકટ ધાધા. વ્હાલા. અજર.

૨૬. (લાવણી.)

શ્રી કૃષ્ણ ગીરધારી મને વ્હાલા બહુ,
રાસ રમે બહુ, ગોપીઓ મળી સહુ;
સાથે ગોપ બહુ, કરે લીલા સહુ. શ્રી કૃષ્ણ.
ખીલી શરદ પુનમની, રાત અતી,
ઘેલી બની રાધીકા ત્યાં જોઇ પતી;
નીરખી શ્યામ સુંદર, માથે મુગટ સુંદર. શ્રી કૃષ્ણ

ઘેલાં કીધાં સર્વેને મુરલી તાનમાં,
દીસે ત્રીભુવન એક તાનમાં;
વારી જાઉં ચ્યુતી, હું છું અલ્પ મતિ. શ્રી કૃષ્ણ.
રમે ઝાંઝ મૃદંગના તાલમાં,
સહુ તન્મય થયાં ત્યાં ગાનમાં;
ચંદ્ર સ્થીર થયો, ષટ્ માસ ગયો. શ્રી કૃષ્ણ.
ગાય રાસ લીલાને જે કોઇ સાંભળે,
ચંદ્રકાન્ત સમે સહુ પાપ બળે;
સુણ જનો તમે, સુણો શાણા તમે. શ્રી કૃષ્ણ

૨૭. (રાગ—ધનાશ્રી.)

બાલકૃષ્ણ માહારાજ; વંદુ પ્રેમેઃ—
પતીત પાવન દયા કરો ઇશ્વર, તમે છો ગરીબનીવાજ. વંદુ.
રસીકવંસી મમ ઉર વિષે તમે, પુરો મનની આસ. ,,
વારંવાર વીલોકું નયનથી, તોપણ તૃપ્તી ન થાય. ,,
શીશ ચર્ણમાં મુકું પ્રભુજી, બાંધ્ય અહો સુખસાજ. ,,
ધ્યાન ધરૂંછું ધુરંધર કેરૂં, સુધારો સર્વ કાજ. ,,
થાઉંછું મગન પાન કરીને, વચનામૃતનું આજ. ,,
પાપ પ્રબલ પણ આપ પ્રતાપે, પ્રજલે અતુલ પ્રતાપ. ,,
જગદુદ્ધારણ કારણ પ્રકટયા, ગુરૂવર મમ શીરતાજ. ,,
ચંદ્રકાંત સમ મહેર કરીને, હસ્ત અહો મહારાજ. ,,

૨૮. (લાવણી.)

લીધો મનુષ્યનો અવતાર દેવને ભજવા,
બીજા પ્રપંચ સર્વે જુઠ જાણીને તજવા;
આપી છે પ્રભુએ બુદ્ધી હરી ઓળખવા,
નહીં અહાય મુર્ખ જે હોય, પ્રભુને મળવા;
ચક્ષુ આપ્યાં છે હરીએ દર્શન કરવા,

દીનજનની ઉપર કૃપાદૃષ્ટી તો કરવા;
આપ્યા છે હરીએ હાથ શેવાને કાજે,
જે મુર્ખ હોય તે સેવા કરતાં લાજે;
નીજ ચક્ષુ આપ્યા છે દેવદર્શને જાવા,
બીજા પ્રપંચ સઘળા જુઠ જાણીને તજવા;
નીજ મુખ આપ્યું છે હરીનું કીર્તન કરવા,
નીજ કર્ણ આપ્યા છે કીર્તનને સાંભળવા;
માટે મુકો દઇ જંજાળ હરીને જાણો,
આ વીનતિ મારી ઉરમાં સર્વે આણો.

૨૯. (રાગ-ગીતિ.)

હરી હરો મમ પાપો, મહેર કરી પ્રભુ કષ્ટ સર્વ કાપો;
વિવિધ લાડ લડાવી, મનવાંચ્છિત ફળ તમે મને આપો.

૩૦. (રાગ-કાન્હરો.)

ઘનસ્યામ મોરારી, આવી આ વારી, વાર કરોને ગુરૂજી અમારી;
દીનદયાળુ, પ્રભુ પુર્ણ કૃપાળુ, રક્ષજો તું સુખભર કરનારૂં.
રાખો લાજ, ગરીબનીવાજ, સહાય થઇ પ્રભુ સુધારો કાજ;
સુખ પ્રભુ આપો, દુઃખને ટાળો, રાખી સન્મુખ મુખ મારી ભાળો;
અમે છીએ, પ્રભુ શરણ તમારે, અધ્ય નીવારી ચઢો તમે વહારે
અર્જ અમારી આ ઉર ધારો, બાળકૃષ્ણ ભવ સીંધુ તારો.

૩૧. (પદ.)

મારા વાલા આજ અતી દુર્લભ કીધું;
ઘણે દિવસે ધંધુકામાં પધાર્યા, દુર્લભ દર્શન દીધું.
એ આનંદ રસ તમથી થાવે, અવર ન સમર્થ કોઇ;
બાલકૃષ્ણના મુખના મલકડા, નીરખી નીરખી મોહી.
ભક્તજનોની ભાળજ લીધી, પ્રેમામૃત ભકતી બહુ પીધી;
ચંદ્રકાન્ત મમ ભમ દુઃખ ટાળી, આપી સ્વર્ગ નીસરણી સીધી.

પ્રકરણ ૪ થું.

કથા વર્ણન.

જીવ કહેતાં જે આત્મા તેને અનાદી કાળની ભુલ થઇ તેને લીધે તે પોતે પોતાને હું દેહછું એમ માની બેઠો છે પણ વસ્તુતઃ એ પોતે દેહરૂપ નથી પણ ભુલથીજ હું દેહ, મનુષ્ય ઇત્યાદિ માને છે. જેમ કોઇ મનુષ્યે ભાંગ પીધી હોય અને તેના કેફથી તે વિપરિત ભાષણ કરવા લાગ્યો, તેથી કરીને તે વખતે તે પોતાની જાત છોડી દઇ બીજી જાતમાં બદલાઇ ગયો નથી. પણ ભાંગના કેફથી વીપરીત ભાષણ કરે છે. પછી તેને કોઇ હીતેચ્છુ પુરૂપ મળ્યો. તેણે તેનો કેફ, ધૃત તથા દહીં પાઇ ઉતાર્યો. ત્યારપછી તે પોતાના સ્વભાવિક રૂપને જાણે છે. જ્યાં સુધી કેફ હતો ત્યાંસુધી વિપરિત બુદ્ધી રહી પણ જ્યારે તેનો કેફ નિવૃત થયો ત્યારે તે વિપરિત બુદ્ધી રહેતી નથી. તેમ દરેક આત્મા પણ અજ્ઞાનરૂપી કેફ કરી પોતે દેહ હું એમ માની બેઠોછું. પણ સદ્દગુરૂ મળે અને ઉપદેશ કરી તેના અજ્ઞાનને નષ્ટ કરે ત્યારે તે પોતાના સ્વાભાવિક સ્વરૂપને ઓળખે છે. પણ જ્યાંસુધી જ્ઞાની પુરૂષ મળે નહીં ત્યાંસુધી ઘણા દહાડાની ભુલે કરી હું દેહછું એમ માને છે. પણ અજ્ઞાન જીવના પુર્વના અનંત પુણ્ય કર્મના ઉદયથી અને જગદીશ્વરના અનુગ્રહથી કોઇ સદ્દગુરૂ મળે ત્યારે તેના સુભાચરણ તથા મુમુક્ષુતા જોઇને એમ પુછેછે કે:—

ગુરુ—તું કોણ છે ? બ્રહ્મ સ્વરૂપને તેં જાણ્યું છે ?

શિષ્ય—હું મનુષ્યછું: મારાથી બ્રહ્મસ્વરૂપ તે કેમ

જણાય ?

ગુરુ—હે ભાઇ ! આ તારો દેહ મનુષ્ય છે. તું તો તેનો દ્રષ્ટા છે તેથી તેનાથી જુદો છે. તું મનુષ્ય નથી. અજ્ઞાને કરીને તું મનુષ્ય છે એમ માને છે. ને કહે છે કે "મારાથી બ્રહ્મસ્વરૂપ કેમ ન જણાય."

શિષ્ય—હે ગુરો ! તમે કહોછો તે વાત સત્ય હશે, પણ મારા અનુભવમાં આવતી નથી. તો કૃપા કરી મને સમજાવો.

ગુરુ—વત્સ ! તું વિચાર કર કે મારા દેહમાં અહંકાર છે તે સંસારી, દુઃખી ઇત્યાદી છે તેનો તું દ્રષ્ટા છે. જેમ બ્રહ્મ સત્ય છે તેમ તું જાગ્રદાદિ ત્રણે અવસ્થામાં સત્યરૂપ છે. જેમ બ્રહ્મ જ્ઞાનરૂપ છે તેમ તું ત્રણે અવસ્થાને જાણે છે માટે તું જ્ઞાનરૂપ છે. બ્રહ્મની પેઠે તું પણ વીકાર વિનાનો છે. આ તારો દેહ અસત્ય છે અને તારી સાથે કોઇ પણ પ્રકારનો વાસ્તવિક સંબંધ નથી. અને સુખ દુઃખ ઇત્યાદીક અંતઃકરણના ધર્મો ભ્રાંતીથી આત્મામાં તેં માની લીધાં છે. તું શુદ્ધ બ્રહ્મ છે. તારામાં સંસાર નથી એવો બોધ કરે ત્યારે દેહાભીમાન મુકી "હું બ્રહ્મ સ્વરૂપ છું" એમ નીશ્ચય કરે છે. હવે દેહાભ્યાસથી મનુષ્ય ચોરાસી લક્ષ યોનીને પામે છે. કોઇ અંધપુરૂષ શહેરમાં ફરવા નીકળ્યો. તેને બીશ્રાન્તિ સારૂ બહાર જવાની ઇચ્છા થઇ તેથી તે કીલ્લાની ભીંતને હાથ દઇ જવા લાગ્યો. આ ભીંતને એકજ દરવાજો હતો. ને અંધના શરીરે દરાજ થઇ હતી તેથી તેને ખરજ આવી, એટલે કીલ્લાને લગાડેલો હાથ ઉપાડી લઇ ખંજોળવા લાગ્યો. ખરજ બં-

ધ થઇ ત્યારે હાથ મુકે તો ભીંત આવી ને દરવાજો પાછળ રહી ગયો. તેવી રીતે ઘણા આંટા માર્યા, પણ દરવાજો હાથ લાગ્યો નહીં ને મહા કષ્ટ પામવા લાગ્યો. એવી રીતે મનુષ્ય ચોરાશી લક્ષ જન્મમાં ફરે છે. તે દરવાજારૂપી મનુષ્ય દેહને પામે છે. પણ વિષયાદી ભોગવવામાં પોતાનો કાળ ગુમાવે છે. ને પાછો બેલ, ઘોડા, ગધેડાં, આદિ પશુ શરીર ધારણ કરી મહા કષ્ટ ભોગવે છે. મનુષ્ય દેહ મળ્યો, પણ જ્ઞાન સંપાદન કર્યું નહીં. તેનું ફળ એ ચોરાશી લક્ષ યોનીમાં ફરે છે. ને ફરી ફરી તે જન્મ મરણ પામે છે. ત્યારે પશુ દેહમાં શું થાય છે ? એવી શંકા થાય તો તેનો પ્રત્યુત્તર એજ કે તે જન્મમાં કેવળ દુઃખ ભોગવવાં પડે છે. બળદ, ઉંટ, ગધેડાં, હાથી, પાડા વિગેરે જાનવરોના માથે ઘણો ભાર નાંખી મનુષ્યો સદા ચલાવે છે. તે પરાધીન થઇ ભાર ખેંચે છે. ભુખ પ્રમાણે ખાવા પણ મળતું નથી, કષ્ટ પામે છે તેથી દુખમાં પડે છે ને થાકી જાય તોપણ કહી શકતાં નથી કે અમે થાકી ગયા છીએ. માટે અમને થાક ખાવા દો. જ્યારે માતાના ઉદરમાં જીવ ગર્ભવાસ કરે છે ત્યારે મળ મુત્ર ઇત્યાદીથી અનેક પ્રકારનાં દુઃખ સહે છે. નર્કવાસ ને ગર્ભવાસમાં કંઇ ફેર જણાતો નથી. ગર્ભવાસજ ભયંકર નર્ક છે. જન્મ વખતે પણ માતાને તથા ગર્ભને જે કષ્ટ થાય છે તે તે કષ્ટ કહ્યાં જાય તેવાં નથી. કારણ કે તેનો અનુભવ તેમનેજ થાય છે. બાલ્યાવસ્થામાં પરાધીનતાથી, યુવાવસ્થામાં વિષયની ઇચ્છાથી, વૃદ્ધાવસ્થામાં અશક્તીથી વિવિધ પ્રકારનાં દુઃખ પડે છે. તેનો અનુભવતો સર્વ કોઇને છેજ. મરણ વખતે પણ અનેક પ્રકાર-

નાં દુઃખો થાય છે. એ પ્રમાણે ૫ પી જીવોને જન્મ મરણાદી દુઃખો થયાં કરે છે. ને કુંભાર ચાકની માફક તથા ઘાણીના બળદની માફક પરવશ થઇ ચોરાસી લક્ષ યોનીમાં ફરી મહા કષ્ટ ભોગવે છે. આવા પ્રકારનાં ચોરાસી લક્ષ યોનીનાં દુઃખો શ્રવણ કરી શિષ્યના મનમાં ભય થયો તેથી પૂછ્યું.

શિષ્ય—દુઃખ કેમ મટે ?

ગુરુ—સાધુના સમાગમથી, તથા હું કોણ છું એવો વિચાર કરે તે વારે.

શિષ્ય—સાધુ શબ્દનો અર્થ શું ? સાધુ કોને કહેવો ? કેવળ તુંબીપાત્રાદી ધારણ કરી વેશ માત્રથી નીર્વાહ કરે તેને, કે સાધુનાં લક્ષણો કાંઇ જુદાંજ છે ? જે લક્ષણોથી સાધુનું સ્વરૂપ ઓળખી તેનો સંગ કરવાથી જન્મ મરણનાં દુઃખ ટળે છે તે સાધુનાં લક્ષણ કૃપા કરી મને કહો.

ગુરુ—સાધુ કોને કહેવો ? જે સ્વધર્મનો ત્યાગ કરે નહીં, સર્વ પ્રતી સમદ્રષ્ટી રાખે; વૈરાગ્ય, અક્રોધ, ક્ષમા, આદૃશ એવા ગુણો છે, વેદને જાણવાવાળો, જેની એકજ નીષ્ઠા છે તેને સાધુ કહેવો ને તેનો સંગ કરવો. વળી જે પોતામાં એમ અભીમાન રાખતો હોય કે " હું સાધુ છું, મને સર્વે પુજે. " તેનો સંગ કરવાથી જન્મ મરણનાં દુઃખો ટળતાં નથી.

શિષ્ય—તેવા ગુરૂને શરણે જઇ શું કરવું ?

ગુરુ—તેમની પાસે જઈ પુછવું કે સંસારમાં જન્મ મરણનું દુઃખ કેવી રીતે ટળશે ? બીજું હું કોણ છું ? તે કૃપા કરીને કહો.

એવી રીતે શિષ્યનાં વચન સાંભળી ગુરૂ જન્મમરણ ટળવાનો ઉપાય બતાવે છે.

ગુરુ—તું તારા સ્વરૂપને ઓળખ, હું સચ્ચિદાનંદ રૂપ છું. દેહ, ઇંદ્રિઓ, બુદ્ધીનો સાક્ષી આત્મા છું. અને દેહ હું નથી. આવા પ્રકારનું જ્ઞાન તને દ્રઢ થશે, ત્યારે તારાં જન્મ મરણ ટળશે અને તારા જન્મ મરણનો કાગળ ફાટી જશે.

શિષ્ય—હે ગુરો ! જન્મ મરણનો કાગળ એટલે શું ? અને તે શું છે ?

ગુરુ—મનુષ્યના પાપ પુણ્યાદિક કર્મોની નોંધ. યમ- રાજાનો કારભારી ચીત્રગુપ્ત રાખે છે અને તે, તે કર્મોના કરનારાવાળા જીવને તેનાં ફળ આપે છે. તેથી ચોરાશી લક્ષ યોનીમાં ફરે છે. એ જન્મ મરણનો કાગળ છે. વાસ્તે ગુરૂ જે આત્મજ્ઞાન આપે તેના ઉપર વિશ્વાસ રાખીએ તોજ તે જન્મ મરણનો કાગળ ફાટે, ને જન્મ મરણનું દુ:ખ ટળે. જ્ઞાન વીના જન્મ મરણ નિવૃત કરવાને બીજું કોઇ પણ સાધન નથી.

શિષ્ય—હે ગુરો ! મારાં કર્મો ઘણા કાળનાં અસંખ્ય છે. તથા અજ્ઞાન પણ ઘણા કાળનું છે. તે નિવૃત થવાને ઘણો વખત જોઇએ. ને તમે કહો છો કે ગુરૂના વચનમાં વિશ્વાસ રાખ્યાથી જન્મ મરણનો કાગળ તરત ફાટશે. તે કેમ નિશ્ચય થાય ?

ગુરુ—હે ભાઇ ! જેમ ઘણા વરસના પડતર ઓરડામાં અંધારૂં હોય ને તેને ઘણા કાળપર્યંત બંધ રાખ્યો હોય, તોપણ તેમાં દીવાને લઇ જતાં વારજ અંધારૂં જતું રહે

છે. તે એમ કહેતું નથી કે હું અહીં ઘણાં કાલ થયાં નિવાસ કરી રહું છું તો નહીં નીકળું. તેવીજ રીતે જ્ઞાનરૂપી પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધારૂ એકદમ નીવૃત થાય છે. મુમુક્ષ પુરૂષોએ ગુરૂ ઉપદેશ કરે તેમાં મન સ્થીર રાખી ઉપદેશ ગ્રહણ કરવો. જેવી રીતે મૃગ એકાગ્ર ચીતથી ગાયન સાંભળે તેમ એકાગ્ર ચીતથી ગુરૂ વચનો શ્રવણ કરવાં. અને ત્યાર પછી તેનો શંશય નાશ પામે એમ મનન કરવું. જેમ ગાય ચરી આવી બેસીને વાગોળ કરીને તૃપ્તી પામે છે; તેવી રીતે ગુરૂના વચનોનું મનન કરવું. આવી રીતે કરવાથી આત્માનું નિર્વિકારપણું સાક્ષાત દેખાશે. તેમાં કાંઇ પણ સંદેહ રહેશે નહીં.

આવા પ્રકારનું જ્ઞાન આપી વૈશ્નવોને આનંદ આપતા હતા. બાદ કથા સંપુર્ણ થઇ. ભક્ત સમાજ આરતી કરી વિસર્જન થયો.

૩૨. (રાગ-ગીતિ.)

બાલકૃષ્ણ પ્રભુ તુજ વિણ, અન્ય નથી મારે કોઇ આધાર;
શરણે છું હું તારે, મહેર કરીને મને પ્રભુ તાર.

મહારાજશ્રી પધારી ગયા, ભક્તજનો હર્ષનો કલરવ કરતાં વિસર્જન થયાં.

પ્રકરણ ૫.

તગડી પ્રયાણ.

૩૩. (રાગ—ગીતિ.)

કળીયુગ જીવને કારણ, પુરૂષોતમ પ્રભુ પ્રગટ વીરાજે છે;
પાપ અમાપ ભક્તોના, પ્રેમ ધરીને પ્રભુજી કાપે છે.

તગડી એ ધંધુકાની આસપાસનું એક ગામડું છે. તે ધંધુકાથી લગભગ એક યોજન દુર છે. તે ગામડાથી પ્રખ્યાતી ત્યાં શ્રી આચાર્યજી માહા પ્રભુજીની બેઠક છે તેથી થયેલી છે. આ મંદીરની પાસે એક તળાવ છે. તેમાં આ મંદીરની એક દિવાલ પડે છે. મંદીર ઘણુંજ ભભકાબંધ, સુંદર તથા ઉંચા પ્રકારની બાંધણીવાળું છે. તેમાં એક બગીચો છે. બગીચામાં વિવિધ પ્રકારનાં વૃક્ષો છે તળાવની પાળ પાસે વૃક્ષો છે ત્યાં પરદેશી લોકો બેસી આરામ લે છે. આ તળાવની પાળ ચુનાબંધ બાંધેલી છે. એક દિવસ પ્રભુ કે જેના ચરણારવીંદ જગતના પાપને નાશ કરે છે, સ્વભક્તને આનંદ આપે છે, આશ્રીત જનોનો ઉદ્ધાર કરે છે, કુમાર્ગનો નાશ કરે છે, જે અનંત સુખના ભંડાર છે, સર્વ શાસ્ત્રોમાં પ્રવીણ છે, સર્વ ઉપર દયા રાખે છે. ગૌબ્રાહ્મણ પ્રતીપાલ, કામદેવ જેવા સૌંદર્યવાન, જેમનું મુખારવીંદ હસતું રહે છે, પુષ્ટીમાર્ગને પ્રકાશ કરવામાં તત્પર, દુઃખને હરે છે એવા શ્રી બાલકૃષ્ણલાલજી માહારાજે પોતાના અધીકારી હરીકૃષ્ણદાસને પોતાના શ્રી મુખથી તગડીએ જવાની તૈયારી કરવા હુકમ કર્યો. હરીકૃષ્ણદાસે પ્રણામ કરી જમીનસુધી નમી જવાબ આપ્યો, " જેવી-

આજ્ઞા " અધીકારીએ સર્વ તૈયારી કરવા માંડી.

આજ પ્રભાતમાં તગડી જવાની સર્વ તૈયારીઓ થવા લાગી. ગાડાંમાં માલ ભર્યો એટલે ગાડાં ચાલવા લાગ્યાં. બાદ માહારાજ શ્રી અશ્વરથમાં બીરાજ્યા.

૩૪. (પદ.)

આ હા હા હા ! ! આનંદ ઉર નહીં માયરે;
કરી ચંદનના લેપ, અંગે ધરી ફુલના હાર.
આનંદથી આજ વીરાજ્યા, તગડીમાં માહારાજ;
રૂમઝુમ રૂમઝુમ ઝુમક ઝુમક બહુ થાયે રે.
સર્વે લોક ઇચ્છે છે હરિતણો, જયજય કાર;
સુંગધ સઘળે વ્યાપી રહી છે તે આપે આનંદ અપારરે.

રથ ચાલવા લાગ્યો. દશ વાગ્યાના શુમારે તગડી લગભગ આવી પહોંચ્યો. ત્યાં તગડીનો ભક્તવૃંદ સામૈયું લઇ આવ્યો હતો.

૩૫. (પદ–ખમાચ)

રૂડી શોભા બની છે સારી, તગડીની શોભા સારી;
સામૈયાની બલીહારી, હું તો સાથે હતો.
શોભા બની [illegible]ર, સૌના મનમાં [illegible] લહેર;
કરી માહારાજશ્રીએ મહેર, હું તો ખુશી થયો.
સરખાઇઓની બલીહારી, એણે સામગ્રી ઉતારી;
માંહે સામગ્રી છે સારી, એ તો સારી લાગે.
એ દેખી મનડું લોભે, ઘોડા આડી પાછળ શોભે;
ઘોડાઓને એક જણ થોભે, એતો સારૂં લાગે.
આગળ ત્રાંસાઓની જોડ, મહીં રૂડા વાગે છે ઢોલ,
શરણે વગાડે છે ગોળ, જોઇ આનંદ થયો.

સર્વે બગી પાછળ ચાલે, સૌના મનમાં આનંદ મ્હાલે;
કૃપા કરી બાલકૃષ્ણ લાલે, મન મગ્ન થયું.
રૂડા પંખા ત્યાં તો થાય, બોલે વૈષ્ણવો ક્ષમાય;
પાછળ સ્ત્રીઓ મંગળ ગાય, અતી શોભા બની.
તગડીમાં આનંદ થાય, જોઇ મારૂં મન લોભાય;
આનંદ આનંદ અતી થાય, હું તો જોઇ રહ્યો.

થોડી વારે અશ્વરથ ગામમાં પહોંચ્યો. શ્રી સદ્‌ગુરૂ દેવને પુષ્પથી વધાવ્યા. રાજભોગનાં દર્શન થયાં. મહારાજશ્રીએ આર્તી ઉતારી. સાંજના ગામના પ્રેમી ભક્તોને ત્યાં પધરામણી કરી સર્વે વૈષ્ણવોને આનંદ આપ્યો બાદ સાંજરે મહારાજ શ્રી આનંદમાં ધંધુકા પુરી પધાર્યા.



પ્રકરણ ૬.

બંદુક ચાતુર્ય.

૩૬ (ગીતિ.)

આરાધું પ્રભુ પ્રેમે, એટજ ભાવે બાલકૃષ્ણ મહારાજ;
મનુષ્યાવતાર મળ્યો છે, પ્રેમે પ્રભુની ભકતી કરવા કાજ.

રંગપુર એ ધંધુકાપુરીથી ત્રણ ગાઉ દુર લીંબડી દરબારશ્રીનું ગામ છે. આ ગામમાં એક બગીચો છે તેને લીધે તેની પ્રખ્યાતી થઇ છે. આ બગીચો લીંબડી દરબારશ્રીનો બનાવેલો છે કોટડેથી રંગપુર જતાં શુષ્કભદ્રા નામની નદી આવે છે તેના કીનારા પર આ બગીચો છે. ગામમાં રજપુત ગરાસીઆની વસ્તી વીશેષ છે. ગરાસીઆઓ તથા રજપુતોનું, નામ તથા શૌર્ય આપણી ગુજરાતનો છેલો શુરવિર રજપુત રાજા કરણઘેલો કાળવશ થયો, ત્યારથી કમતી થતાં આવે છે. પણ આ રજપુત ગરાસીઆઓ પોતાના ક્ષત્રીય અંશને તેમજ નામને અત્યંત શોભા આપે છે. આનું નામ સુરતાનસિંહ છે. આ ક્ષત્રીય બંદુકની મદદથી પૂર્વના ક્ષત્રીના શૌર્યને આભાસ આપે છે. તેણે ઘણે ઠેકાણેથી માનપત્રીકાએ મેળવેલી છે.

તગડીના વૈષ્ણવજનોને ત્યાં પધરામણી કરી સાંજરે મહારાજશ્રી ધંધુકે પધાર્યા તેના બીજે દિવસે મંદીરમાં બેઠકના ચોક આગળ બે વળીઓ જમીનમાં ખોદી હતી તેની સાથે એક વાંસ આડો બાંધી લીધો હતો તે વાંસ-

ની મધ્ય બીંદુએ એક દોરી સાથે એક લાકડાનું ચોકઠું બાંધી લટકાવ્યું હતું. તે ચોકઠું જમીનથી ત્રણ ચાર ફુટ ઉંચુ દેખાતું હતું.

થોડીવારમાં ત્યાંથી પચીસ વારને છેટે આસન નાંખવામાં આવ્યું કે તરતજ લોકોની ભીડાભીડ થઇ. થોડીવારે મહારાજાશ્રી પધાર્યા. હવે તે ક્ષત્રીય વીરનું બંદુક ચાતુર્ય શરૂ થયું. પેલા ચોકઠાના ચાર છેડા ઉપર જુદા જુદા રંગની ચાર લીટીઓ લટકાવી ચોકઠાને ફેરવવા માંડયું ક્ષત્રિયવિરે મહારાજશ્રીને નમસ્કાર કરી નમ્ર વચનોથી પુછયું જે કૃપાનાથ ! કઇ લોટી ફોડું ?

માહારાજશ્રીએ લાલ લોટી ફોડવા આજ્ઞા કરી આથી બંદુકમાં ગોળી નાંખી લોટીપર તાકી લાલ લોટી ફોડી નાંખી. તેમજ બીજા પ્રકારના ખેલ કરી માહારાજશ્રીને ખુશી કરી દીધા. બીજે દિવસે પણ વિવિધ પ્રકારનું બંદુકચાતુર્ય બતાવી માહારાજશ્રીને પ્રણામ કરી સ્તુતી કરી નીચે બેઠો. સર્વ સંપૂર્ણ થયા પછી સભા વિસર્જન થઇ. મહારાજશ્રી ભકતજન સહે પધરામણીએ પધાર્યા.

૩૭. (પદ.)

અશરણુ શરણુ કૃપા કર મમ મરણુ હરણુ,
તવ ચરણુ રજ શીશ પર ધરૂં;
મુગટ શીર ધરણુ અધમ ઉદ્ધારણુ,
પ્રેમે સેવા તારી કરૂં.

પ્રકરણ ૭.

કચેરી.

૩૮. (૫૬.)

સંસારમાં સુખ જોણું, એક હરીની ભક્તી કરવાનું;
એ વીણુ સુખ શા ખપનાં આનોને તમે મારૂં કહેવાનું.

૩૯. (રાગ-કુમરી.)

જનમ્યો જગમાં તે વૃથા જનમ્યો;
જેણે દાનજ આપ્યું હસ્તે અહીં. ટેક
આપ્યું દાન જે પ્રીત કરીને, તે પર રાખી પ્રીત અહીં. જનમ્યો–
નહીં એવી રીતે બની દુનીઆમાં. પહેલે વખતે આવું થયું. ,,
પ્રીત હતી પ્રભુપર આજ સુધી, માન હવે તો ક્ષીણ થયું. ,,
અક્કલ હીન ને ધર્મ રહિત તે, વૃદ્ધનું નામ વિનાશ કર્યું. ,,
ધર્મ વિરોધી દુષ્ટ પ્રપંચી, પહેલે આવું કાર્ય કર્યું. ,,

૪૦. (રાગ—ગીતિ.)

દુષ્ટ તું પાપી પ્રપંચી,
વામ્યા સર્વે સુખ અને સંપો;
અનોચ્ચાર થયો તું,
અર્થ કરી આ કેમ રહે જંપ્યો.
નથી પ્રગટ્યો અવનીમાં,
રવી જ્યારનો પ્રગટે જુ ગમાં;
ગુજ જેવા રાહુના;
દુષ્ટ પ્રતાપે શોચ કરે વનમાં.

૪૧. (પદ-ત્રોટકછંદ)

દુઃખીઆરો હું અર્જ કરૂં છું;
વારંવાર ચરણે નમીને.
રજા દીઓ મને દર્શન કરવા;
કાપી મારાં સર્વ દુઃખોને.
નથી કર્યું મેં મુજ મતીથી;
રજા દીઓ નહીં દુઃખી કરોને.
સીદ તલસાવો તમ બાલક આ;
ઉર વીનતિ દીન આજ ધરોને.

૪૨. (રાગ-કેરબો.)

આ ભવસાગર તાર.
આ સંસાર અસાર વીલોકું;
નવ જડે સાર લગાર.
અચળ અમર આનંદ આપીને;
તું ભીડ ભંજનતાર.
સ્વપ્ન જેવું આ જગત્ દીસે છે;
જે તારૂં સરજેલ.
અવલમ્બ કેમ તું આજ કરે છે;
ઉગારી લે હો નરેશ !

૪૩. (પદ.)

પ્યારા (૩) વીનવું કર જોડી;
કરજોડી (૩) પ્યારા.
મહેર કરી પ્રભુ આ અવસરમાં;
બાળને લેજો ઉગારી, વીનવું કરજોડી.
મસ્તક નમાવી, વીનતિ કરૂં હું;
અર્ણું શિર ધરી, વીનવું કરજોડી.

પ્રકરણ ૮

અનુસંધાન.

દોહરો.

ગુણમણી ગીરીવર સરીખા, શ્રોતાના શીરતાજ;
પ્રેમ ધરી પધારીએ શ્રી બાળકૃષ્ણ મહારાજ.

સવત ૧૯૫૫ના ચૈત્ર કૃષ્ણપક્ષ દ્વાદશીના દિવસે મહારાજ શ્રી પધારશે એવો ત્વરીત શદેશો સંવત ૧૯૫૫ના ચૈત્ર કૃષ્ણપક્ષ એકાદશીના રોજ આવ્યો ત્યારે વૈશ્નવ જનોના આનંદનો પાર રહ્યો નહીં. ઠેકાણે ઠેકાણે આનંદ ઉત્સવ થઇ ગયો. પુરી વિવિધ પ્રકારથી શણગારમાં આવી. મુખ્ય મુખ્ય સ્થળે દરવાજાઓ બનાવવામાં આવ્યા. ધ્વજા પતાકાથી આકાશ છવાઇ ગયું. વિવિધ પ્રકારના વાજીંત્રો-થી શીનરવર નામને આલાપતાં નાદ કરવા લાગ્યાં. પચરંગીત નીશાન ફરકતાં હતાં, બંધુકા ઇંદ્રપુરી જેવું શોભી રહ્યું હતું. પુરીની ચો તરફ બગીચા રહ્યા હતા. વૃક્ષ વૃંદમાં ભમરાઓ આનંદમય ગુંજારવ કરી રહ્યા હતા. કોયલના મધુર સ્વરમાં વૃદ્ધિ કરનાર અનેક પક્ષીઓ મંધુર સ્વરથી બોલતાં હતાં. રાત્રી થઇ પણ કોઇને નીંદ્રા આવતી નહોતી. સર્વ સૂર્યકમળ પેઠે પ્રભાતની રાહ જોઇ રહ્યા હતા. રાત્રી જાણે એક વર્ષ જેવી મોટી પણ આનંદી દીસતી હતી.

૪૪. (પદ.)

જોની આનંદી દીસે આ રજની;

ધીમી પવનની લહેર ગગન ભણી.
કેવાં વૃક્ષો ખીલ્યાં લાગે છેલછબીલાં;
કેવી પીછોડી ઓઢી પૃથ્વી માતે સખી.

૪૫. (પદ-સોરઠ)

જોની વસંત વેલી કેવી ખીલેલી આજતોરે;
ગુંજ કરે ભ્રમરા અતી ભારે નાચ કરે મોરો થૈકારે;
અદ્ભુત શોભા એની બનેલી કેવી લાગે આજતોરે.
જોબનવંતી આ વેલી ખીલેલી પેલી વેલી એની મારી.
સુંદર શોભા એની બનેલી કેવી લાગે આજતોરે.

આવી રીતે આનંદમાં વાર્તા કરતાં રજની વીતી ગઇ. પ્રાભાત થયું. સૌને મન આનંદ મહોત્સવ થઇ ગયો. વિવિધ પ્રકારનાં સુશોભિત વસ્ત્રો તથા અલંકારો ધારણ કરી અંગે ચંદનનું લેપન કરી, વિવિધ પ્રકારના ફુલોના હાર પહેરી, માથે સોના રૂપાના કળશો લેઇ, રૂમઝૂમ રૂમઝૂમ કરતી હંસના જેવી જેની ચાલ છે, દાડમની કળીઓ જેવા જેના દાંત છે, કમળના ફુલ પ્રમાણે જેઓના ખીલેલાં વદનો છે, એવી અસંખ્ય શ્રદ્ધાસંપન્ન સ્ત્રીઓ મંદીર તરફ જતી હતી. પુરૂષો પણ મનગમતાં આભુષણો અંગે ધારણ કરી, વાળ ઓળી, કપાળમાં તીલક કરી, હસતા વદને મંદીર તરફ જતા હતા. વૈશ્નવજનો પ્રભુ કીર્તનના સંગીતોનો પોતાના મધુર કંઠવડે આલાપ કરતા હતા. સર્વ મનુષ્યો સાસૈયે જવા નીકળ્યાં. આગળ ડંકો નીશાન શોભતા હતા. પાછળ ત્રાંસાં ઢોલ વાગતાં હતાં. પાછળ મૃદંગઝાંઝની તાલમાં ભક્તવૃંદ કીર્તન કરી રહ્યું હતું. તેની પાછળ અન્ય પુરૂષો ચાલતા હતા. તેમની પાછળ સ્ત્રી-

ઓ આનંદ સહીત કળશો માથે લઇ જાણે ગોપીઓ શ્રી-કૃષ્ણનાં દર્શન કરવા જતી હોય તેમ જતી હતી. સામૈયું ગામ બહાર પહોંચ્યું. માહારાજ શ્રી તારાઓમાં જેમ ચંદ્ર શોભે તેમ શોભતા અશ્વરથની અંદર બીરાજતા આવી પહોંચ્યા. સર્વે વૈષ્નવજનો ચાલવા લાગ્યા. સ્ત્રીઓ પોતાના મૃદુ મૃદુ સ્વરે ગાન કરતી કરતી રથની પાછળ ચાલવા લાગી.

૪૬. (રાગ–વંદું શ્રીગુરૂ.)

ચાલો હરીએ ફરીએ બેનો આપણેરે,
શોભે રમણીય મંડપ શો આજ,
હેગે આનંદ ધરીને ગાઇએ ગીતતોરે.
મહીં બગીચો શોભે છે અતિ ઘણોરે,
દેખી થાયે છે મનમાં ઉમંગ. હેગે.

સાખી.

હાંડી ઝુમર લટકાવીઆ મહીં છે તકતા બીલોર;
ચીત્રો રૂડાં ચીતર્યાં, ઝળકે ઝાકમઝોળ.
આરસપાણ જડેલો ચોક તો આવી રહ્યોરે,
મહીં નાખ્યાં છે રંગ બેરંગી રંગ. હેગે.

સાખી.

સુવર્ણ કેરા થાંભલા, હીરા રત્ન જડીત્ર,
માંહે તો માણેક જડયાં, મોતી ઝુલે ચકીત.
વૃક્ષો રોપ્યાં અતીશે બાગમાં શોભતાંરે,
તેની આવે છે સુગંધ અપાર. હેગે.

સાખી.


સૈયર આજે આપણે, સજ્યા સોળ શૃંગાર;
શકિત શૃંગે તો ચડી, પ્હોંચી હવે ભવપાર.

ચાલો હરીએ ફરીએ બેનો આપણેરે,
ગાઇ ગીતેથી ગુણીઅલ પ્રભુજીનું ગાન. હૈયે.

ધીરે ધીરે સર્વે ગામમાં આવ્યાં, સોનાના ફુલોથી મા- હારાજશ્રીને વધાવી લીધા જય જય શબ્દોના નાદ થવા લાગ્યા વિવિધ પ્રકારથી લોકો સ્તુતી કરવા લાગ્યા.

૪૭. (રાગ—સાખી) પ્રબંધ ૧.

ગીરીધર ધીરજ દઇ મને કર શરણે આધાર;
સીધુ પાર ઉતારીને દુનીઆ બાર ઉતાર.



૪૮. (રાગ—કેરબો.)

વીરાજો (૩) મહારાજ;
વદન પુનમના ચંદ્ર સરીખું, મનહર મુખ શોભે છે આજ.
ભમરો ભાંગી કાળી પ્રકાશે, હરિયુસમ નેત્રો શોભે છે આજ,
ધન્ય દિવસ આજનો છે ભારે, પ્રેમે પધારો તમે શિરતાજ.

આવી રીતે આનંદ કરતાં કરતાં મંદીર પાસે પ્હોંચ્યા. શ્રી સદ્દગુરૂદેવ મંદિરમાં પધાર્યા. પછી ઘણીવારે ભક્તજન પોતપોતાને ગ્રહે ગયા.

પ્રકરણ ૯

પ્રયાણ વીલંબ.

૪૯. (ગીતિ.)

બાલકૃષ્ણ મહારાજ, કૃષ્ણચંદ્રના અંદ્ર અતિચારૂ;
મહાનંદ આનંદકારી, રાજ પધારી દીઓ સુખસારૂ.

આજ સંવત ૧૯૫૫ ના જેષ્ટ શુકલ પક્ષ પંચમીના દિવસે શ્રી સદ્‌ગુરૂદેવ વિદાય થવાના છે. પ્રભાતમાં થોડો એક સામાન રાણપુર મોકલી દેવામાં આવ્યો. શ્રદ્ધાસંપન્ન વૈષ્ણવોએ મળી મહારાજશ્રીને રોકવા દુરાગ્રહ કર્યો. સર્વ વૈષ્ણવોએ ભેગા થઇ મહારાજશ્રીને વિદાય થવામાં વલંબન કરવા વિજ્ઞાપના કરીઃ—આપ કે જે અવિનાશી, અક્ષર બ્રહ્મરૂપ, સ્થૂલરૂપે સ્પષ્ટ, શુક્ષ્મરૂપે અસ્પષ્ટ, ઇશ્વર, આદીરહિત, સર્વનાઆદી, આનંદસ્વરૂપ, સિદ્ધિને જાણનારા, સુખરૂપ, સિદ્ધીરૂપ, બુદ્ધી પ્રકાશક, જેનું નિરૂપણ વેદ કરી શકયા હોય તેનુંજ વિચિક્ષણ પુરૂષો વર્ણન કરી શકે છે, પણ આપ કે જેનું નિરૂપણ વેદ પણ કરી શકયા નથી એવું તમારૂં સગુણ સ્વરૂપ મનમાં ધારી શકાય પણ તમો તો સગુણથી ન્યારા, નિરંજન નિર્ગુણછો. જેની સ્તુતિ વેદ પણ બરોબર ન કરી શકે એવા અનંત સુખના ભંડારરૂપ પ્રભુ જે આપ, તેમની અમો મૂઢમતી સ્તુતી કરી નમસ્કાર કરી વીનવીએ છીએ કેઃ—

૫૦. (લાવણી—દશા આશી થઇ મારી.)

પ્રભુ તારી ગતિ ન્યારી, ન પામે પાર કો પ્રાણી.

સાખી.

આ વખતે આમ પર પ્રભુ, દુઃખો પડે અપાર;
દુઃખી પ્રભુ શાને કરે, ઉર ધર દયા લગાર.
મતી મારી તો મુઝાંણી, સુણી આ વાત ભયકારી.

સાખી.

પ્રભુ શું અમ અપરાધ છે, તે કહો દીનદયાળ;
ઉપરા ઉપરી દુઃખો તણો, વરસે છે વરસાદ.
ગુન્હો શું છે હે મોરારી, કહો તે દીલ દયા ધરી.

સાખી.

શી રીતે ધીરજ ધરી, પ્યારા પ્રભુ અમે આજ;
ભવસીંધુ અથડાવીને ડુબાવે કાં ઝાઝ.
વિભુજી જરા દયા ધારી બીરાજો આજ એક રાત્રી.

આવા પ્રેમી વૈશ્નવજનોના વચનો સાંભળી પ્રભુ જેમણે કાનમાં કુડળ પહેર્યા છે. આંગળીઓમાં અંગુઠીઓ પહેરી છે. જેમનું વદન હસતું છે. ચંદ્રની પેઠે શોભતા અમુલ્ય પીતાંબર ધારણ કર્યા છે. અલંકારથી શોભતો કસુંબી પાઘ જેમણે શીરપર ધર્યો છે, કરમાં કંકણ તથા બાજુબંધ પહેર્યા છે એવા ભક્તવત્સલ પ્રભુ શ્રી બાળકૃષ્ણલાલજી માહારાજશ્રીએ એક દીવસ વધારે દર્શનનો લાભ આપ્યો.

પ્રકરણ ૧૦ મું.

પ્રયાણ.

આજ સંવત ૧૯૫૫ ના જેષ્ટ શુકલ પક્ષ ષષ્ટીના દિવસે શ્રી સદ્‌ગુરૂ દેવ વિદાય થવાના છે. સર્વે ભકતજનો બપોરના બાર વાગ્યાથી મંદીરમાં એકઠા થવા લાગ્યા. સર્વે શ્રી સદ્‌ગુરૂનાં દર્શન કરવા ઉપર ગયા. અહીં રત્નાભુષણોથી જડેલ સુશોભીત સિંહાસન ઉપર પરમાત્મસ્વરૂપ શ્રી સદ્‌ગુરૂ દેવ વીરાજતા હતા. એમણે ઝીણાં ઝીણાં દીવ્ય વસ્ત્રો પહેર્યા હતાં. મનોહર રત્નો જેવી પુષ્પની માળાઓ ધારણ કરી હતી. મકરાકૃતિ કુંડળો આદિ રત્નમય અલંકારો ધર્યા હતાં. કાંતિ કામદેવને લજ્જાયમાન કરતી હતી. જ્ઞાનથી ભરપુર, કીશોર વયના, શરીર અત્યંત સુંદર હતું, શરિરે ચંદનનું લેપન કર્યું હતું. રત્નમય આભુષણોથી ભુષિત થયું હતું. જે આભુષણોનાં રત્ન ચંપકનાં પુષ્પ જેવાં દેખાતાં હતાં. આજુબાજુ સર્વે વૈશ્નવો વિંટલાઇવળ્યા હતા. તેમની વચ્ચમાં મહારાજશ્રી તારાઓમાં ચંદ્ર શોભે તેમ, અંધારા ઓરડામાં દીવાનો પ્રકાશ શોભે તેમ શોભતા હતા. પ્રભુને તીલક કરવામાં આવ્યું. સર્વ વૈશ્નવો જય જય શબ્દ કરવા લાગ્યા. અશ્વરથ મંદીર પાસે લાવવામાં આવ્યો. આનંદસ્વરૂપ આનંદ આપી અંતે રથમાં વીરાજ્યા. રથ ચલાયમાન થયો, ભક્તવૃંદ વળાવવા ગયું. ચારચાર પાંચપાંચ ગાઉસુધી વળાવી આવ્યા પછી પોત પોતાના સ્થાને ગયા.

૫૧. (ગીતિ.)

શોકરૂપી ઉદધિમાં, ન્હવાય આજે ભક્ત તણાં વૃંદો;

પણ આસ્વાસન આપે, દક્ષિણ અક્ષિતમાં બહુ રપંદો.

પર. (રાગ–દક્ષિણી કલ્યાણ.)

વીભુ વર નરવર સુખકર રાધાના પતી,
'મગુતપાળ એ દયાળ વીનંતિ ઉર ધરી;
જગતના આધાર પ્રભુ મંગળ કરો સદા,
દુઃખ હરી સુખ કરી હરો છો આપદા.
આવો, સ્થાપો, છાપો,
વીભુવરા, દુઃખહરા, સુખકરા;
શુભ જે મતી. વીભુ—

અલ્પ બુદ્ધી વાપરીને ગ્રંથ આ રચ્યું;
વૈશ્રવોતણી ક્ષમા હમેશ ચાહું છું,
સારી રીતે આપ તણા દીલમાં ધરી,
હેતે, પ્રીતે, નિત્યે,
ઉર ધરી સ્વીકારી, આ વારી;
ધારી જે ધૃતી વીભુ—

વંદન કરૂં છું પ્રભુ આપ ચર્ણમાં;
બાળતણી લેજો બાળ આપ શર્ણમાં.
પ્રેમ ધરી ગાઉં ગુણ પ્રભુજી આપના;
દીન દયાળ, પ્રભુ માયાળ, લેજો સંભાળ.
રાખો લાજ, ગરીબ નીવાજ;
સહાય થાવ, હે ! રમાપતિ વીભુ—

પ્રકરણ ૧૧ મું.

॥ श्री द्वारिकेशोजयति॥

॥ श्री बालकृष्ण योगाश्रु ॥

કરૂણાપાત્ર વૈષ્ણવ જનો:,

લક્ષ્મી મદથી મત્ત થયેલા અને શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞાનુસાર ભક્તિનો શુદ્ધ ભાવ વિસરી ગયેલા ધંધુકાના વૈષ્ણવોના તિમીરવત્ હૃદયોને પ્રકાશ પમાડવામાટે આ માર્મિક સંગીત સર્વેને પ્રેમપૂર્વક અર્પણ કરવામાં આવે છે; અને આશા રાખવામાં આવે છે કે સર્વ સુજ્ઞ ગૃહસ્થો અને આજ્ઞાંકિત ગ્રહીણીઓ આ સંગીતને હમેશાં પોતાના હૃદયમાં ઉજ્વલ રાખી દેદીપ્યમાન કરશે. એજ વિનંતી.

॥ चक्षुषीउन्मील्यविषादं दर्शयित्वा वाचय ॥

पद्. (गरबो.)

મારા બાલુડા બળવંત, તમે સૃષ્ટિના સુરસંત;
ત્યજાદાસ વાલમ લોલ,

ધરી કાયા કંચન કુડ કાપવા રે લોલ;
પાપી હૃદયે ભક્તિ દ્દઢ સ્થાપવા રે લોલ. મારા બાલુડા.
બળવંત, તમે સૃષ્ટિના સુરસંત; ત્યજાદાસ વાલમ લોલ.—૧
પડયા પડયા છીં પાપી પણ પોતમાં રે લોલ;
થાઇ થાઇ નિર્મળ પ્રભુ જ્યોતમાં રે લોલ. મારા. ૨
હતા હૃદય તીમિર આ વાસમાં રે લોલ,
ખીલ્યાં ખીલ્યાં પ્રભુજીના પાસમાં રે લોલ; „ ૩
મોહ્યા મોહ્યા અમે જગજાળમાં રે લોલ,

નહીં કરી સેવા તન તાલમાં રે લોલ; ,, ૪
નહીં નામ રટયા મન ભાવતાં રે લોલ,
કરી કયાંથી સેવા તન તાવતાં રે લોલ; ,, ૫
નથી ગાયા ગુણો મન ભાવથી રે લોલ,
રમ્યાં રહી પ્રપંચ છળ દાવથી રે લોલ; ,, ૬
નથી શ્રવણે પડી રહી હેતથી રે લોલ,
કથા શ્રી મુખની મન પ્રેમથી રે લોલ; ,, ૭
એવી સુણ્યે અનન્ય સુખ વાણીને રે લોલ,
ટળે તાપ ત્રિવિધ નવ જાણીએ રે લોલ; ,, ૮
નહીં આશ્રય એક વ્રજરાયનો રે લોલ,
સજી દ્રઢ દ્રુમ વળગી એ કાળને રે લોલ; ,, ૯
રાખી દંભે ભક્તિ વ્રજચંદમાં રે લોલ,
નહીં શુદ્ધકૃતિ અમ મંદમાં રે લોલ; ,, ૧૦
રાખી દંભે ગુરૂને શીરતાજમાં રે લોલ,
નહીં શુદ્ધ ભક્ત કેરી સાજમાં રે લોલ; ,, ૧૧
વદી વેણુ બહુ વનમાળીના રે લોલ,
મુખે રામ બગલની પાળીમાં રે લોલ; ,, ૧૨
વીતે કેમ વીધી કેરી વાટમાં રે લોલ,
હોય ભક્તિ પડયા કેમ દાટમાં રે લોલ; ,, ૧૩
વહેતાં નિર્મળ નેહ સરિતમાં રે લોલ,
આવે આંચ ઉની કઇ રીતમાં રે લોલ; ,, ૧૪
કરે વેદને શાસ્ત્ર પુકારને રે લોલ,
નથી પામ્યા એ પક્ષના પારને રે લોલ; ,, ૧૫
પડયે શ્રવણે ઉરમાં અકળાય છે રે લોલ,
જેની અકળ કળા ન કળાય છે રે લોલ; ,, ૧૬
રહેતાં ભક્તિ ખાંડાની ધારમાં રે લોલ,

પામે નિશ્ચે પ્રભુપદ પારને રે લોલ; ,, ૧૭
પણ જ્ઞરણુ વાધીએ વસખાવીઆ રે લોલ,
ભુલ્યા ભાન ભમણુ મન ભાવીઆ રે લોલ; ,, ૧૮
હોય શુદ્ધ સરિત્ પ્રભુ સ્નેહની રે લોલ,
ઓપે અલક અંબાર આ દેહની રે લોલ; ,, ૧૯
ભુલ્યાં ભુલ્યાં દેહે નિજ સત્યને રે લોલ,
ભુલ્યાં ભુલ્યાં અભાગી પ્રભુ કૃત્યને રે લોલ; ,, ૨૦
જેણે ગાજ્યો છે ગર્વ દશાનને રે લોલ,
બ્રમ્યા ભક્તને કાજ એકાનને રે લોલ; ,, ૨૧
તાર્યો તાર્યો છે ધ્રુવ પ્રલ્હાદને રે લોલ,
સુણી શાસ્ત્રે થાયે છે આલ્હાદને રે લોલ; ,, ૨૨
પ્રભુ પ્રીતે પાળ્યો છે અંબરિષને રે લોલ,
બાળ લીધી સદાયે ગજાધીશની રે લોલ; ,, ૨૩
છેદી છેદી અસુર સહસ્ત્રને રે લોલ,
ભેદી બાલ અર્પ્યાં સતિ હસ્તને રે લોલ; ,, ૨૪
અહો અહો સારથ્ય રણુરંગમાં રે લોલ,
અહો ભક્તને કાજ ઉમંગમાં રે લોલ; ,, ૨૫
કર્યો કાર્ય ઉચિત અનુચિતને રે લોલ,
ધરી ભક્તની બીડ નીજ ચિત્તમાં રે લોલ; ,, ૨૬
એમ ધરીએ પ્રભુને નીશ ધ્યાનમાં રે લોલ,
રહી લીન હમેશ ગુણુ ગાનમાં રે લોલ; ,, ૨૭
પ્રભુ શ્યામ સુંદર ગુણુ ગાઇએ રે લોલ,
કૃપા ચાહી પવિત્ર પદ પાઇએ રે લોલ; ,, ૨૮
બાળ લીધી નેહે સર્વ બાલની રે લોલ,
તારી સર્વને સાંપ્રત સાલથી રે લોલ; ,, ૨૯

ગાએ, શીખેને, સ્નેહે સાંભળે રે લોક,
તેને સિદ્ધિ સર્વે અહીં, ત્યાં મળે રે લોક; ,, ૩૦
આલેખક—કેશવોજ્વલ.

પુરનુર.

ગરબો.

કર્યું કર્યું છે નવરાંતે આ પૂરનેરે,
રાખ્યા ખાસ વિધિએ નૂરનેરે.—ટેક.
નહીં જોડ મળે જગ જોતમાંરે,
રાખ્યાં રાખ્યાં છે ઉંચાં પોતમાંરે. કર્યું. ૧
નહીં ઝીલ્યું ઝીલ્યું જન નુરનેરે,
તેથી ચડભ્યાં કર્મને ચકચુરનેરે. ,, ૨
તોડયાં તોડયાં માત તાત પ્રેમનેરે,
એવા ભકિત વિનાના કર્યા રે મનેરે. ,, ૩
હતો સાધુ શ્રવણ જગ જાણમાંરે,
તાણ્યો તાણ્યો ભકિત જડ તાણમાંરે. ,, ૪
ચાલે ચાલે સંગાથ સજોડમાંરે,
આવ્યે પુરમાં રહે તન તોડમાંરે. ,, ૫
નહિં પ્રેમ પ્રધાનની પ્રાંજલીરે,
કરે પ્રેમ હરામની આંજલીરે. ,, ૬
નહિં માતપિતા અનુબંધમાંરે,
શીખે ક્યાંથી વાંચી મહ સ્કંધમાંરે, ,, ૭
નહીં ભ્રાત ભગીની સાનુબંધમાંરે,
ક્યાંથી પોત પ્રકાશે શઠ મનમાંરે. ,, ૮
કરે અર્થ અનર્થ સુખ સેંજમાંરે;

રહી પ્રેમી પ્રતાપના તેજમાંરે, ,, ૯
ભ્રમે ભ્રમે વિધિથી ભુલ્યા ભાનમાંરે;
રહે મસ્ત રતિકંત દાનમાંરે. ,, ૧૦
જાણે જ્ઞાન ગોટીના ગોટીઆરે;
નહીં ભાન મરે શઠ પોઠીઆરે. ,, ૧૧
કરે નિત્ય પ્રાઃતમાં પ્રભુ પ્રેમથીરે;
પ્રભુ ભાનને સાન શુભ નેમથીરે. ,, ૧૨
નહીં દીસે અપૂરના નૂરનેરે;
લોક નીંદા ને કુથલી ચૂરમાંરે. ,, ૧૩
પડે પીડા પોતે અકળાયનારે;
નિત્ય કર્મ આહ્નિકે[1] મન ધાયછેરે. ,, ૧૪
પડે પડે ઉધાનતા પુષ્પ જેરે;
કહું પડશો થશો તમે શુષ્કનેરે. ,, ૧૫
નહિ પ્હોંચે લાલીત પ્રધાનઆરે;
માટે મચો ભક્તિ કેરા દાનમાંરે. ,, ૧૬
જાણે [2]કૂર્મ કોડીલો કબાગરોરે;
જાણે [3]કૂપ વિષે જગ માબરોરે. ,, ૧૭
પણ ભુલ્યો ભ્રમિત કાં ભાનનેરે;
લાવો સંસ્કૃત હોય જો સાનનેરે. ,, ૧૮
આતો માર્યો બોજા ચાબકોરે;
રાખો રીતે પ્રીતે મન ઠાવકોરે. ,, ૧૯

૧ આહ્નિક=નિંદા, કુથલી ૨ કૂર્મ=કાચબો, ૩ કૂપ=કુવો.

સંપૂર્ણ.

Monday 1st January 1900.

*A*hmedabad.

To,

The Author of "Kohinur"

It is a matter of great surprise that you have proved a valiant hero, from the cityzens of your native place.

We have to heartily thank you for your liberal care and labour which you have taken to improve the impending present condition of your people. Not only you have brought heaven and earth to gether for your hold attempt, but you have undertaken and to brated with great patience the satirical remarks of your antagonists and nobly stood the test.

Believe me yours

Ramesh.

Sunday 1st Dec. 1899

Ahmedabad

To,

The Author of " Kohinur "

I should without the least hesitation acknowledge that this work of yours is done though carefully yet not according to the fundamental principles as the author of a book ought to do. If taken under the proper supervision and care this " Kohinur " shouldst have proved a book of real value, as its appelation posseses. But the rub is that the author Mr. Lavingia seems to be somewhat neglegent about the work which he has undertaken. Not withstanding by the Grace of Shri Krishna Chandra the book Kohinur should meet its real object and end owing to the hearty help of his dear friend Mr. Ujvalshri Vrijbhushandas Modi, and others which too have undertaken profound interest in the book and given him their possible help. I expect therefore that this book must as a matter of fact prove a palatable one to the Vishnavas, in general

and the author with his friends must be applauded as it ought to be for their unanimous labour, care, and liberality.

Again I should heartily thank the author for his first bold attempt disregarding the satirical remarks of the people in general.

Yours for ever

A friend, B.

જાહેર ખબર.

સર્વે સદ્દગૃહસ્થોને વિનંતીપૂર્વક અરજ કરવામાં આવે છે કે અમારા તરફથી એક "દૈવકોપ". નામનું પુસ્તક થોડા વખતમાં બહાર પડવાનું છે. તેનું કદ ૪૦ થી ૫૦ ફરમાનું, કાગળ ઉંચા, પુંઠું પાકું સોનેરી અક્ષરનું થશે તો અમારા આ પ્રયાસમાં અમને મદદગાર થઇ પડશોજ એવી આશા રાખીએ છીએ.

લી. શેવક

ગ્રંથકર્તા.